RNI No.-GUJGUJ/2015/69143
Year : 7 Issue No : 7 Date : 01-03-2022 Tuesday
Editor - Gagjibhai G. Sutariya

Place of Publication : Sardardham-S. P. Ring Road,
Vaisnodevi Circle, Ahmedabad - 382481



# સરદારધામ

વર્ષ-૭ • અંક-૮ • માર્ચ, ૨૦૨૨

## એક વિચાર






# કાલુપુર બેંક

## ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.

સ્થાપના :૧૯૭૦

મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક

સહકારથી સિધ્ધિ

## MSME ધિરાણ

7.50%*

₹ ૧ કરોડ સુધીના ધિરાણ માટે (રેટીંગ આધારીત)

## એક્સ્પોર્ટ માટે ધિરાણ

7.50%*



## વેપાર મિત્ર ધિરાણ યોજના

નાના અને મધ્યમ ટ્રેડીંગ કરતાં વેપારીઓ માટેનું ધિરાણ

- માસિક સ્ટોક અને બુક ડેબ્ટ સ્ટેટમેન્ટ આપવામાં રાહત.
- ઓવરડ્રાફ્ટ ધિરાણની સગવડ
- પ્રોપર્ટીના વેલ્યુએશનના ૭૦% સુધીનું ધિરાણ

7.50%* રૂા.૧ કરોડ સુધીનું ધિરાણ

designcopper

7378309191 (MISSED CALL) • 1800 233 99999 (TOLL FREE) • www.kalupurbank.com

* શરતોને આધિન
* વ્યાજના દર વખતોવખતના ફેરફારને આધિન

હેડ ઓફિસ : ''કાલુપુર બેંક ભવન'', આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.

ફોન નં.: ૨૭૫૮૨૦૨૦ થી ૨૭૫૮૨૦૨૬

E-mail : info@kalupurbank.com

Network 62 Branches 62 ATMs

મિશન-૨૦૨૬ અંતર્ગત

# સરદારધામનાં 5 લક્ષ્ય બિંદુઓ

## બિલ્ડિંગ પ્રોજેક્ટ

(અંતર્ગત ૧૦૦૦ કરોડના ખર્ચે ૧૦૦૦૦ દીકરા-દીકરીઓ
માટે પરવડે તેવા સુવિધાયુક્ત છાત્રાલયનું (ઈન્સ્ટિટ્યૂટ) નિર્માણ કરવું)

## GPSC / UPSC
## Defence / Judiciary
## સિવિલ સર્વિસ કેન્દ્ર

(અંતર્ગત ૧૦૦૦૦ દીકરા-દીકરીઓને વહીવટી સેવામાં મોકલવા)

## ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ (GPBS) ૨૦૧૮-૨૦-૨૨-૨૪-૨૬

## ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન (GPBO)

(પ્રથમ હરોળના ૧૦૦૦૦ ઉદ્યોગપતિઓનું સંગઠન)

## યુવા તેજ/તેજસ્વિની સંગઠન

(અંતર્ગત ૧૦૦૦૦૦ થી વધુ રાષ્ટ્રપ્રેમી યુવાઓનું સંગઠન)

સમસ્ત પાટીદારની એકતાનું ધામ
સરદારધામ
વિશ્વ પાટીદાર સમાજ

તંત્રી
ગગજી સુતરિયા

પરામર્શક સમિતિ
એચ. એસ. પટેલ (IAS, Retd.)
સી.ઈ.ઓ., સરદારધામ

ટી.જી. ઝાલાવાડિયા
માનદમંત્રી

સહતંત્રી
ડૉ. જાગૃતિ જે. પટેલ
ઉપપ્રમુખ,સરદારધામ,
કન્વીનર, દીકરી સ્વાવલંબન યોજના

સંપાદક
કૃષ્ણકાંત જે. પટેલ

જાહેર ખબર વિભાગ :
7575001428

નોંધ
આ માસિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી જે તે લેખક કે કંપનીના છે તેની સાથે તંત્રી કે સંસ્થા સહમત છે તેવું માનવું નહીં. સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન. ન્યાયતંત્ર અમદાવાદ

મુખ્ય કાર્યાલય
સરદારધામ
એસ. પી. રીંગ રોડ,
વૈષ્ણોદેવી સર્કલ,
અમદાવાદ-૩૮૨૪૨૧

ફોન : ૭૫૭૫૦૦૧૫૪૮/૯૬/૯૭, ૭૫૭૫૦૦૧૪૨૮/૩૮
ઇ–મેલ: info. sardardham@gmail.com
વેબસાઇટ : www.sardardham.org
ટ્રસ્ટ રજી. નં. ઈ/૨૦૯૨૪/અમદાવાદ

Printed, Published by **GAGJIBHAI G. Sutariya** on behalf of **SARDARDHAM** and **Published from** Near Royal Heights, S.P. Ring Road, Vaishnodevi Circle, Ahmedabad-382421
**Editor-GAGJIBHAI G. Sutariya**

# તંત્રીલેખ

## સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ

**મારા વ્હાલા બંધુ-ભગિનીઓ,**

સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ એ સરદારધામનું શ્લોગન છે. ભારત દેશના અલગ-અલગ રાજ્યોમાં અલગ-અલગ ભાષા પ્રચલિત છે અને દરેક રાજ્યમાં નાની-મોટી અસંખ્ય જ્ઞાતિઓ આવેલી છે. તેમ છતાં એક રાષ્ટ્રવાદના પરિબળે આખા દેશને એક તાંતણે બાંધી રાખ્યો છે, સ્વાભાવિક છે કે દરેક જ્ઞાતિ, જાતિ અને ધર્મના રીતરિવાજો અને અભ્યાસ વગેરેને કારણે પ્રથમ દ્રષ્ટિએ ઓછા વત્તા અંશે પ્રગતિ કરતાં હોય તેવું બની શકે. આ બાબતોને ધ્યાનમાં લઈને સરદારધામે સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણનું ઉમદા ધ્યેય રાખેલ છે અને સમાજના યુવાનો ધંધા-ઉદ્યોગ, નોકરી, ન્યાયતંત્ર, મીડિયાતંત્ર વગેરે ક્ષેત્રે આગળ આવે તે માટેના સર્વગ્રાહી પ્રયત્નો કરી રહ્યા છીએ. સમાજના લોકોને રાષ્ટ્રવાદી વિચારસરણીથી આગળ વધવા પ્રેરણા આપવામાં આવે છે. સમાજ ગમે તેટલો આર્થિક, સામાજિક કે રાજકીય ક્ષેત્રે આગળ આવે તો પણ તેમનું અંતિમ ધ્યેય રાષ્ટ્રના નિર્માણ તરફ જ હોવું જોઇએ. તેથી જ સમાજ નિર્માણથી રાષ્ટ્રનિર્માણ તરફ આગેકૂચ જાળવી રખાય તે માટે સરદારધામ દ્વારા સર્વ સમાજ સમિતિની રચના કરી અવારનવાર તેમને આમંત્રિત કરીને વ્યવસ્થિત ચર્ચા-વિચારણા કરવામાં આવે છે. એક-બીજાને ઉપયોગી થઈ પ્રશ્નોનાં નિવારણમાં એકબીજાના સારા વિચારોની આપ-લે કરવામાં આવે છે અને તેના પરિણામ સ્વરૂપે હવે ઘણા સમાજોએ ગ્લોબલ બિઝનેસ સમિટ GPSC-UPSC ટ્રેનિંગ શરૂ કરેલ છે. દરેક જ્ઞાતિ સમાજો સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણના ધ્યેયથી ચાલે તો બહુ ટૂંકાગાળામાં એક સરસ રાષ્ટ્રનું નિર્માણ થઈ શકે. અપેક્ષિત જાતિના પરિપ્રેક્ષ્યમાં કામ કરવા છતાં રાષ્ટ્ર નિર્માણની પ્રગતિનો ફાળો આપી શકાય.

આશા રાખીએ કે દરેક જ્ઞાતિ-સમાજ સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણના ધ્યેય સાથે આગળ વધે.

આપનો કલ્યાણ મિત્ર,
**ગગજી સુતરિયા**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સરદાર પટેલનું દૃઢ વ્યક્તિત્વ | રાજમોહન ગાંધી | ૬ |
| GPBOનો ૧૦૦ કરોડનો માઈલ સ્ટોન | ટીમ GPBO યુથ | ૯ |
| જ્ઞાન | રાજમોહન ગાંધી | ૧૧ |
| લોકોપયોગી માર્ગદર્શન | એચ. એસ. પટેલ | ૧૫ |
| ઔદ્યોગિક માર્ગદર્શન | રમેશ એમ. પરમાર | ૧૮ |
| અબ સોશિયલ મીડિયા કે હવાલે સંબંધ સાથીઓ... | વૃંદા મનજીત | ૨૩ |
| જેવા ગ્રાહક તેવા ભાવ ! | સુધા મૂર્તિ | 30 |
| યુવા ધન એ જ દેશની મૂડી છે... આપો માર્ગદર્શન કોરી હુંડી છે.... | વિપુલભાઈ સાચપરા | 33 |
| વિદ્યાર્થીઓ માટે નિયમાવલી | ગાંધીજી | ૩૭ |
| નવા ઘરે જતી વેળાએ | પદ્મશ્રી ગુણવંત શાહ | ૪૧ |
| સામાજિક સુધારણા | સ્વામી વિવેકાનંદ | ૪૩ |



## ટીમ સરદારધામ

**અમદાવાદ ઝોન**
નટુભાઈ એમ. પટેલ - ઉપપ્રમુખ
CA વી. વી. પટેલ - ઉપપ્રમુખ
રવજીભાઈ પી. વસાણી - ઉપપ્રમુખ
રમેશભાઈ બી. મેશિયા - ઉપપ્રમુખ
આનંદભાઈ એ. પટેલ - ઉપપ્રમુખ
નાગજીભાઈ એન. શિંગાળા - ઉપપ્રમુખ
પ્રો.ડો. જાગૃતિબેન જે. પટેલ - ઉપપ્રમુખ
CA બી. કે. પટેલ - માનદમંત્રી
જગદીશભાઈ વી. ભુવા - ચીફ ફાઈનાન્સ સેક્રેટરી
ટી. જી. ઝાલાવાડિયા - માનદમંત્રી / ચેરમેન સિવિલ સર્વિસ કેન્દ્ર
કાંતિભાઈ એલ. ગઢિયા - એડવાઈઝર
દિલીપભાઈ એમ. પટેલ (નેતાજી) - એડવાઈઝર
ગોવિંદભાઈ જી. વરમોરા - એડવાઈઝર
કાંતિભાઈ એન. પટેલ (રામ) - એડવાઈઝર
પ્રસન્નભાઈ એન. પોલરા - ફાઈનાન્સ સેક્રેટરી
કે. આઈ. પટેલ - મંત્રી
અબજીભાઈ કે. ધોળુ - મંત્રી
સંજયભાઈ કે. સાવલિયા - મંત્રી
ભરતભાઈ એચ. રાદડિયા - મંત્રી
કરસનભાઈ જી. પટેલ - મંત્રી
મંગળદાસ જે. પટેલ - મંત્રી
મહેન્દ્રભાઈ જે. વાડદોરિયા - મંત્રી
પ્રકાશભાઈ પી. વરમોરા - મંત્રી
મનોજભાઈ ટી. ડોબરિયા - મંત્રી
એફ. સી. પટેલ - મંત્રી
રામભાઈ એમ. શેલડિયા-પ્રોજેક્ટ ચેરમેન - ફેઝ-૨

**મધ્ય ગુજરાત ઝોન**
પારૂલભાઈ એલ. કાકડિયા - ઉપપ્રમુખ
રમેશભાઈ એ. પટેલ - ફાઈનાન્સ સેક્રેટરી
દુષ્યંતભાઈ આર. પટેલ - એડવાઈઝર
શ્રી નારાયણભાઈ વી. પટેલ - એડવાઈઝર
ઘનશ્યામભાઈ સી. બોરડ - મંત્રી
વિપુલભાઈ વી. ગજેરા - મંત્રી
ઘનશ્યામભાઈ જે. પટેલ - મંત્રી
હસમુખભાઈ વી. કોઠિયા - મંત્રી
કાંતિભાઈ વી. ભુવા - મંત્રી

**દક્ષિણ ગુજરાત ઝોન**
દિયાળભાઈ કે. વાઘાણી - ઉપપ્રમુખ
મનહરભાઈ જે. સાચપરા - ઉપપ્રમુખ
કેશુભાઈ એચ. ગોટી - એડવાઈઝર
રામજીભાઈ એસ. ઈટાળિયા - એડવાઈઝર
ગોરધનભાઈ આર. આસોદરિયા - એડવાઈઝર
હરેશભાઈ ડી. પરવાડિયા - મંત્રી
રવજીભાઈ પી. મોણપરા - પ્રોજેક્ટ ચેરમેન
જસમતભાઈ એન. વિડીયા - પ્રોજેક્ટ વાઈસ ચેરમેન
સુરેશભાઈ એ. પટેલ - પ્રોજેક્ટ વાઈસ ચેરમેન
ધીરૂભાઈ વી. માલવિયા - પ્રોજેક્ટ ઈન્ચાર્જ

**સૌરાષ્ટ્ર ઝોન**
પરેશભાઈ એમ. ગજેરા - ઉપપ્રમુખ
વલ્લભભાઈ એમ. સતાણી- ફાઈનાન્સ સેક્રેટરી
નાથાભાઈ એમ. કાલરિયા - એડવાઈઝર
જગજીવનભાઈ આર. સખીયા - એડવાઈઝર

**સૌરાષ્ટ્ર ઝોન**
મહેન્દ્રભાઈ વી. ગજેરા - મંત્રી

**મુંબઈ ઝોન**
કાનજીભાઈ કે. પટણી - એડવાઈઝર
કાંતિભાઈ એમ. ભાવાણી - મંત્રી

**દિલ્હી**
શ્રી ભાઈલાલભાઈ પટેલ - એડવાઈઝર
શ્રી ધનજીભાઈ પટેલ - મંત્રી

**સી.ઈ.ઓ.**
એચ. એસ. પટેલ, IAS (Retd.)

**સિવિલ સર્વિસ કેન્દ્ર**
સી. એલ. મીના, IAS (Retd.) ડાયરેક્ટર

**પ્રેસિડન્ટ યુથ-GPBO**
ભાવિનભાઈ આર. પટેલ

**પ્રમુખ સેવક**
ગગજી સુતરિયા



**રાજમોહન ગાંધી**
જાણીતા રાજનીતિજ્ઞ અને ગાંધીજીના પૌત્ર

# સરદાર પટેલનું દૃઢ વ્યક્તિત્વ

કૉંગ્રેસની વિનંતીને ઠોકરે મારવા ઉપરાંત સરકારે કૉંગ્રેસના શત્રુઓને મજબૂત બનાવવાનું ઠરાવ્યું. લિન્લિથગોએ રાજવીને સ્પષ્ટ અને નિખાલસ રીતે જણાવ્યું કે પોતાના પર દબાણ થઈ રહ્યાનો “ખ્યાલ આવ્યો કે તરત જ” તેમણે “મહત્વનાં વર્ગો અને કોમોના પ્રતિનિધિઓને તાબડતોબ બોલાવી લીધા. ચેમ્બર ઓફ પ્રિન્સીઝના ચેન્સેલર તથા જિન્નાહનો સમાવેશ કરવામાં આવ્યો.... તેમની જોડે વારાફરતી મુલાકાતો ગોઠવી.....આ કામ અતિશય બોજારૂપ અને ત્રાસદાયી હતું..... છતાં આ જહેમત કરવા યોગ્ય



હતી." લિન્લિથગોએ ભાગલા પાડીને રાજ કરવાની નીતિ અપનાવી. " જિન્નાહ, જવાહરલાલ અને ગાંધીજી સાથે મળીને પરિસ્થિતિની ચર્ચા કરવા લાગ્યા" ત્યારે " કેટલીક ક્ષણો મારા માટે અતિશય ચિંતાજનક હતી" તેવું લિન્લિથગોએ ઝેટલેન્ડ પરના પત્રમાં કબૂલ કર્યું છે. પણ સરકારનું નસીબ બળવાન હતું. વાઇસરૉયે પોતાને બોલાવ્યાથી "ગાંધી અને કૉંગ્રેસ ચોંકી ઊઠ્યાં" તેવું કહેનાર જિન્નાહ કૉંગ્રેસને મજબૂત બનાવવાનો ઈરાદો ધરાવતા ન હતા. પોતાને મળનાર "હિંદીઓના હિતો અને દાવાઓ" એકબીજાથી ટકરાતાં હોવાનું વાઇસરૉય કહી શક્યા.

કૉંગ્રેસની વિનંતી અચાનક અથવા અણધારી ન હતી અને યુદ્ધની જાહેરાત પછી જ વિચારવામાં આવી હોય તેવું જણાતું ન હતું. કૉંગ્રેસની દરેક બેઠકમાં અને કૉંગ્રેસ બહુમતી ધરાવતી દરેક ધારાસભાના દરેક સત્રમાં કેન્દ્રમાં બંધારણીય પ્રગતિની માગણી કરવામાં આવી હતી.





ઈંગ્લેન્ડના જીવનમરણ યુદ્ધનો ઉલ્લેખ કરતી વખતે ઝેટલૅન્ડે પણ કબૂલ કર્યું હતું કે કોંગ્રેસ માત્ર પોતાની માગણીનો "પુનરુચ્ચાર" કરી રહી હતી. છતાં સરકારે કોંગ્રેસની વિનંતી ઠુકરાવી. આનું એક કારણ એ પણ હોઈ શકે કે વરસોથી કોંગ્રેસના ઉદ્દામવાતઓએ વાપરેલી ભાષાથી અંગ્રેજો ખીજવાયા હતા. બીજું કારણ એ હતું કે કૉંગ્રેસના શાસનમાં લઘુમતીઓને સલામતી જળવાશે નહીં તેવું કેટલાક અંગ્રેજો પ્રમાણિક રીતે માનતા હતા. મુખ્ય કારણ એ હતું કે અંગ્રેજી રાજના કેટલાક ખેરખાંઓ ભારત આઝાદ બને તે ખ્યાલ સાંખી શકતા ન હતા. મદ્રાસના ગવર્નર એસ્કોઈને સન ૧૯૩૯ની આખરમાં વાઇસરૉયને લખેલા પત્રમાં તેમણે વાપરેલા શબ્દોમાં આ વર્ગની મનોવૃત્તિ છતી થતી હતી, "આપણી બાબતોની ગેરવ્યવસ્થાને કારણે આપણે ક્યારેક ભારત છોડવાનો વારો આવે તો ?"

સપ્ટેમ્બરમાં વલ્લભભાઈ અંગ્રેજ સરકારને થોડો વધારે સમય આપવા રાજી હતા. મુનશી મારફતે

લ્યુમ્લીએ મોકલેલા સંદેશાને કારણે કારોબારીની માગણીઓ દોહરાવવા માટે કૉંગ્રેસના ધારાકીય પક્ષોને મોકલવામાં આવનારી સૂચના તેમને એક અઠવાડિયા સુધી મોકૂફ રાખી. જવાહરલાલે આ પુનરુચ્ચારનો આગ્રહ રાખ્યો કારણ કે તેનાથી સરકારને સોયા ભોંકાતા હતા. પણ અઠવાડિયા દરમિયાન કશું થયું નહીં. ઑક્ટોબરની શરૂઆતમાં લિન્લિથગો જોડેની મુલાકાતમાં વલ્લભભાઈ જાણી



શક્યા કે સરકારે કૉંગ્રેસ માટે પોતાના દરવાજા બંધ કરી દીધા છે. આ મુલાકાતમાં લિન્લિથગો જોઈ શક્યા કે વલ્લભભાઈમાં "ઘણી રમૂજવૃતિ" છે. તેમની "બુદ્ધિ ચકોર અને સક્રિય" છે અને "તેમનું વ્યક્તિત્વ દૃઢ" છે. પણ વાઈસરૉયે કોંગ્રેસ તરફ પગલું ભરવાની વૃતિ દેખાડી નહીં અને અગાઉ કહી ગયા છીએ તેમ, તેણે વલ્લભભાઈને નિખાલસ રીતે જણાવ્યું કે કૉંગ્રેસ સહકાર નહીં આપે તો પોતે મુસલમાનોની સહાય લેશે.

ઑક્ટોબરની ૧૭ તારીખે વાઈસરૉયે બહાર પડેલા નિવેદનમાં ઇંગ્લેન્ડે વિધિસર કૉંગ્રેસને જવાબ આપ્યો.લડાઈ પૂરી થયા પછી ભારતને આઝાદી નહીં પણ આઝાદી માટે વાટાઘાટો કરવાની તક મળશે. લડાઈ ચાલુ રહે તે દરમિયાન શોભાના ગાંઠિયા જેવી સલાહકાર સમિતિ નીમવામાંઆવશે. બ્રિટને યુદ્ધહેતુઓ જાહેર કરવા અને ભારતમાં તેનો અમલ શી રીતે થશે તેની સ્પષ્ટતા કરવી, તેવી કારોબારીની માગણી અંગે નીચે મુજબનો જવાબ ઇંગ્લૅન્ડની સરકારે આપ્યો. "લડાઈ ચલાવવા માટેના પોતાના વિગતવાર ઉદ્દેશો અંગે સમ્રાટની સરકારે આખરી ચોક્કસાઈપૂર્વક હજી સુધી વ્યાખ્યા બાંધી નથી."

કૉંગ્રેસે પોતાના પ્રધાનમંડળોને રાજીનામાં આપી દેવાનો આદેશ આપ્યો. રાજાજીએ ઑક્ટોબરની ૨૭ તારીખે હોદ્દો છોડ્યો. નવેમ્બરની ૨૭ તારીખ સુધીમાં તમામ પ્રધાનો બહાર નીકળી ગયા. કૉંગ્રેસ બહુમતી ધરાવતી ધારાસભાઓના સ્પીકરોને પોતપોતાની ધારાસભાઓ "યથાવત" બરખાસ્ત કરી દેવાની સૂચના આપવાનું વલ્લભભાઈ ભૂલ્યા ન હતા. કોંગ્રેસના દુશ્મનોને પોતાનાં પ્રધાનમંડળો રચવાની તક તત્કાળ મળે નહીં; તેઓ આ સૂચનાનો ઉદ્દેશ હતો. કોઈ પણ પક્ષનો આગેવાન સ્પીકરોને લેખિત સૂચનાઓ આપે તે રાજ સામે ચાલતા કૉંગ્રેસી સંઘર્ષના સંદર્ભમાં પણ અયોગ્ય તો ખરું જ. પણ આ પત્રો કૉંગ્રેસ સતામાં રહે તે માટેના વલ્લભભાઈના આગ્રહનું દર્શન કરાવે છે. વળી આ પત્રોથી વલ્લભભાઈની નિખાલસતા પણ જોઈ શકાય છે. નબળો માણસ આવો પુરાવો છોડી જવાની હિંમત કરે નહીં.

## સરદારધામ મેગેઝિનના વાચકો જોગ

**સરદારધામ ઈ મેગેઝિનના વાચકોએ મેગેઝિન અંગેના પોતાના પ્રતિભાવો**
magazine.sardardham@gmail.com
**ઉપર મોકલવા વિનંતી.**

- ટીમ GPBO યુથ

# GPBOનો ૧૦૦ કરોડનો માઈલ સ્ટોન

સરદારધામ વિશ્વ પાટીદાર સમાજ સમસ્ત પાટીદાર સમાજના યુવાશક્તિના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે. તેના પાંચ લક્ષ્યબિંદુઓ સિધ્ધ કરવા માટે અલગ-અલગ શહેરોમાં પ્રવૃતિઓ ચાલી રહી છે. તેમાંનું એક ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઑર્ગેનાઇઝેશન GPBO છે. આની સ્થાપના ૧૫-૯-૨૦૧૮ના રોજ તત્કાલિન મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્‌હસ્તે કરવામાં આવી હતી. કુલ-૨૨ વિંગના હોદ્દેદારોએ અંદરોઅંદર રૂ. ૧૦૦ કરોડનો બિઝનેસ કર્યો છે. તેમજ તેના ૧૦૦૦ મેમ્બર્સ દર અઠવાડિયે મિટિંગમાં હાજરી આપે છે. GPBOના કન્વીનરની ઑન-ઑફ લાઈન મિટિંગ તા. ૨૪-૨-૨૦૨૨ ને ગુરુવારના રોજ બપોરે ૨:૦૦ કલાકે સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઇ સુતરિયાના અધ્યક્ષ પદે યોજાઇ.

GPBOના યુવા કન્વીનર શ્રી ભાવિનભાઇ પટેલે, મિટિંગના અધ્યક્ષ શ્રી ગગજીભાઇ સુતરિયા તમામ વિંગના હોદ્દેદારોનું શાબ્દિક સ્વાગત કરી મિટિંગની શરૂઆત કરી. પ્રમુખ સેવક શ્રી ગગજીભાઇ સુતરિયાએ ઓનલાઈન તેમજ ઑફલાઈન ઉપસ્થિત સૌ હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા. પાટીદાર સમાજનું ભવિષ્ય ઉજ્જવળ કરનાર તેમજ અન્ય સમાજ માટે પ્રેરણારૂપ કામગીરી કરનાર લક્ષ્ય GPBO છે. તેના સૌ હોદ્દેદારોને કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા. GPBO સમાજ માટે કલ્પવૃક્ષ બની સમાજનું ઉત્થાન કરી શકે તે માટે ૨૦૧૮માં તેની રચના કરી હતી. આપ સૌ મિત્રોએ સઘન પ્રયાસ તથા ખૂબ જ પ્રયત્નો કરી સરદારધામ માટે સર્વ શક્તિઓ કામે લગાડી GPBOનો સો કરોડનો વેપાર કર્યો છે તે માટે સૌને ખૂબ ખૂબ અભિનંદન સાથે આવનારા સમય માટે શુભકામના પાઠવું છે.આપ સૌએ બિગ GPBO માટેનો રસ્તો તૈયાર કરી રાખ્યો છે. હું અપેક્ષા રાખું છું કે તમારી આન બાન શાન વધારવા, સરદાર સાહેબનું સપનું સાકાર કરવા માટે દેશ અને દુનિયામાં નામ રોશન કરવા માટે તમારા સૌમાં જે ઊર્જા રહેલી છે તેને તમે સૌ કામે લગાડશો. સરદારધામના માધ્યમથી આપણે એક ઔદ્યોગિક ક્રાંતિ કરવા માંગીએ છીએ. વિકાસ કરવા માટે લક્ષ્ય ઉંચું નક્કી કરી તે રસ્તે સખત પરિશ્રમ કરવો જોઇએ. તે માટે ગુણવત્તાયુક્ત સેવા પૂરી પાડવી જોઇએ. ઉત્પાદનકર્તાઓ પોતાની પ્રોડક્ટને ઉત્કૃષ્ઠ કક્ષાની બનાવટથી તેને ઊંચા ભાવે વેચીને સારો નફો કમાઈ શકે છે તે માટે બંસી ગીર ગૌ શાળાની ગૌમાતાનું ઘીનું ઉદાહરણ આપ્યું. આપણે કેટલા મોટા ઉદ્યોગપતિ કે વેપારી બનવું છે તે આપણે નક્કી કરવાનું છે. કામ કરવાથી પરિણામ મળે છે. આ માટે સરદાર સાહેબના આદર્શને કેંદ્રસ્થાને રાખવા જોઇએ. તમારા ભવિષ્યના ઉધ્ધારક તમે પોતે જ છો. તમારે તમારું મોટું સપનું જોવું,એ દિશામાં કામ કરવું અને તેને સાકાર કરવું તે તમારો પોતાનો અધિકાર છે. તે માટે તમારું સ્ટેટસ જ્ઞાતિ ભૂલીને પ્રામાણિકતા, લક્ષ્ય તથા મહેનતથી આગળ વધો તો તમે તમારા નક્કી કરેલા મુકામે પહોંચી શકશો. સંયુક્ત રીતે સહિયારા પ્રયાસથી ધાર્યુ પરિણામ મેળવી શકાય છે. તમને જ્યારે કોઈ આવી તક મળે ત્યારે સાથે મળીને ગ્રુપ બનાવીને આગળ વધવું. સફળતા તમને ચોક્કસ મળશે. બિઝનેસમાં શરૂઆતના ધોરણે કઇ રીતે કામગીરી કરવાથી સફળતા મળે છે. તે પોતાના અનુભવના આધારે જણાવ્યું. દરેક પોતાની ઈચ્છાશક્તિ જાગૃત કરીને ખૂબ મહેનત કરી સંપથી અને સહકારથી આગળ બધો. GPBOના તમામ હોદ્દેદાર મિત્રો આયોજનપૂર્વક ઉપસ્થિત રહ્યા તે સૌને ૧૦૦ કરોડનાં બિઝનેસ અને ૧૦૦૦ હજાર રેગ્યુલર મેમ્બર્સને હૃદયપૂર્વક શુભકામના.





## સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

### વિશ્વ પાટીદાર સમાજ

## તમામ ઔદ્યોગિક-વેપારી મિત્રો માટે સોનેરી અવસર

GPBS (ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૧૮/૨૦૨૦) ની ભવ્ય સફળતા બાદ સમાજના પ્રથમ હરોળના ૧૦૦૦૦ તેમજ ૧૫૦૦૦ જેટલાં નાના - મધ્યમ બિઝનેસમેન, સમાજના વિવિધ પ્રોફેશનલ અંગો અને સરદારધામ યુવા તેજ-તેજસ્વીની (૧ લાખ સંગઠન) મળીને લાખો લોકો સુધી આપની કંપનીની પ્રોડક્ટના માર્કેટિંગ, બ્રાન્ડિંગ અને લોન્ચિંગ માટેનું ઉત્તમ પ્લેટફોર્મ એટલે "સરદારધામ-એક વિચાર" ઇ-મેગેઝિન.

તો આવો મિત્રો...સાંપ્રત પરિસ્થિતિ તેમજ આજના ટેકનોલોજીના યુગમાં સમયની સાથે તાલ મિલાવવા **પરવડે તેવા જાહેરાતના નવા દર** સાથેના અજોડ માધ્યમ એવા "સરદારધામ-એક વિચાર" ઇ-મેગેઝિનમાં જાહેરાત આપી સરદારધામ વેબસાઈટ – સોશિયલ મીડિયા, ફેસબુકના માધ્યમથી આપણાં બિઝનેસનો બહોળો પ્રચાર કરી સફળતાના શિખરો સર કરીએ...જય સરદાર...

## "સરદારધામ-એક વિચાર" - ઇ-મેગેઝિન માટે જાહેરાતના નવા દર

**વાર્ષિક (માસિક કુલ-૧૨ અંક)**

**જાહેરાતના દર (તારીખ :- ૦૧-૦૮-૨૦ થી લાગુ)**

બીજું ટાઇટલ (અંદરનું)
રૂા. ૧,૦૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

મેગેઝિનની અંદરના કોઈપણ એક ક્વાર્ટર પેજ માટે રૂા.૧૫,૦૦૦/- એ-૪ સાઇઝનું ક્વાર્ટર પેજ
GST INCL.

ત્રીજું ટાઇટલ (અંદરનું)
રૂા. ૭૫,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.




મેગેઝિનની અંદરના કોઈપણ એક હાફ પેજ માટે રૂા.૨૫,૦૦૦/- A-4 સાઇઝનું હાફ પેજ
GST INCL.

ચોથું ટાઇટલ (બહારનું)
રૂા. ૬૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

મેગેઝિનની અંદરના કોઈપણ એક ફુલ પેજ માટે
રૂા.૫૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

મેગેઝિનમાં ઓછામાં ઓછા ૧ વર્ષ માટે જાહેરાત આપવી જરૂરી છે.

મેગેઝિનમાં આપની કંપનીની જાહેરાત માટે ડિઝાઇન આપના તરફથી આપવાની રહેશે.

૧ વર્ષની જાહેરાતની રકમનો ચેક અને ડિઝાઇન એડવાન્સમાં એક સાથે મોકલી આપવાના રહેશે.

**મેગેઝિનમાં જાહેરાત માટે કે અન્ય કોઇ માહિતી માટે ૯૮૭૯૯૯૪૯૬૭ / ૭૫૭૫૦૦૧૫૯૬ પર સંપર્ક કરવો.**

સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧

/Sardardham1 • /sardardham_ • www.sardardham.org • info.sardardham@gmail.com
+91 7575001548 • @sardardham_ • Sardardham_Info • /Sardardham

# જ્ઞાન



**સ્વામી સચ્ચિદાનંદ**
દેશના આધુનિક અને વ્યવહારિક આવિષ્કારોને સમર્થન આપતા સંત

જે વસ્તુ જેવી હોય તેને તેવી જ માનવી અને સમજવી તે જ્ઞાન છે. જે વસ્તુ જેવી હોય તેવી ન માની તેનાથી ઊલટું માનવું તે અજ્ઞાન છે.

વસ્તુનું સાચું સ્વરૂપ ઇન્દ્રિયોથી, મન-બુદ્ધિથી, પોતાના અને સાચા માણસોના અનુભવથી તથા પ્રયોગશાળાથી નિર્ણિત થતું હોય છે.

ભૌતિક જગત સાચું છે, મિથ્યા નથી. આ વિશ્વને મિથ્યા માનવું તે અજ્ઞાન છે.

આ વિશ્વથી પર અથવા સૂક્ષ્મ, અધ્યાત્મતત્વોને શ્રધ્ધાથી માની કે સ્વીકારી શકાય છે. પણ તે માન્યતા છે. તેને સાબિત નથી કરી શકાતી. એટલે શ્રદ્ધાના ક્ષેત્રમાં આવતાં તત્ત્વોને વિશે કદી પણ દુરાગ્રહ ન કરવો. તે હોય પણ ખરાં અને ન પણ હોય. જેને જે યોગ્ય લાગે તે માને. આ બાબતમાં સહિષ્ણુતા રાખવી જોઇએ.

જે ભૌતિક જગત પ્રત્યક્ષ સિદ્ધ છે, તેને અસિદ્ધ કરવા અને જે પ્રત્યક્ષ નથી તેને સિદ્ધ કરવા જીભાજોડી કરનાર જક્કી અને અજ્ઞાની છે.

એકને જાણવાથી બધાનું જ્ઞાન થઈ જાય છે, તે વાત પણ સાચી નથી. કારણ કે જ્ઞાન કદી પણ પૂર્ણ હોતું નથી. તે ક્રમશઃ ક્રમેક્રમે અમુક માત્રામાં જ પ્રગટતું હોય છે. વિષયો અનંત છે, એટલે જ્ઞાન પણ અનંત છે. બધા વિષયોને સમર્થમાં સમર્થ માણસ પણ જાણી શકતો નથી એટલે તે કેટલાક વિષયોનું જ્ઞાન ધરાવતો હોય છે, તો ઘણા વિષયોથી અજ્ઞાન હોય છે. આત્માને જાણવાથી બધું જણાઇ જાય છે, તેવું માનવું આત્મછલના છે. વિષયવાર જ્ઞાન જ સાચું જ્ઞાન છે. તેમાં પણ સમય-સમય ઉપર પરિવર્તન અને



ઉમેરો થતાં રહે છે.

પરમેશ્વર સિવાય ત્રિકાળજ્ઞાની કોઈ નથી.

ઘટનાઓ નિશ્ચિત નથી હોતી. જો ઘટનાઓ ન નિશ્ચિત ન હોય તો તેના સંબંધી જ્ઞાન ક્યાંથી હોઈ શકે? રસ્તા ઉપર થનારા અકસ્માતો નિશ્ચિત નથી હોતા. માનવીય ભૂલો અને બીજાં કારણોથી તે થતા હોય છે. તે અવશ્યંભાવી નથી હોતા. તેને નિવારી શકાય છે, રોકી શકાય છે. માણસોને બચાવી શકાય છે, જો સાચા ઉપાયો કરવામાં આવે તો.

જો ભવિષ્યમાં થનારી ઘટનાઓ પ્રથમથી જ નિશ્ચિત હોય તો તેને રોકી કે નિવારી ન શકાય. બળાત્કારો કે અત્યાચારો વગેરેને યોગ્ય રીતે પડકારવામાં આવે તો તેમને રોકી શકાય છે, અટકાવી શકાય છે. જો આ બધું પ્રથમથી જ નિશ્ચિત હોય તો કોઇને અપરાધી કે પાપી માની શકાય નહી, કારણ કે તેણે તો જે નિશ્ચિત હતું તે જ કર્યું છે. આવી ઘટનાઓ રોકવાનું કામ ધર્મ, શાસન, સમાજ અને સમર્થ વ્યકતિઓ કરી શકતાં હોય છે. એક રાજાના રાજ્યમાં બિલકુલ ચોરી વગેરે અપરાધો નથી થતા, તો બીજા રાજાના રાજ્યમાં ઘણી ચોરીઓ વગેરે અપરાધો થાય છે. તે બતાવે છે કે વ્યવસ્થાથી અપરાધો રોકી કે વધારી શકાય છે. આવું જ ધર્મ-સમાજ, વેગેરેનું પણ હોય છે. એટલે કોઈ વ્યક્તિવિશેષ એવી નથી હોતી કે જે ભૂતકાળને, વર્તમાનને તથા ભવિષ્યને ક્ષણેક્ષણે અને કણેકણમાં જાણતી હોય. માણસને વાચન-મનન-તારવણીથી ભૂતકાળનું થોડુંક, વર્તમાનનું થોડુંક તથા ભવિષ્યનું થોડુંક અંદાજિત જ્ઞાન થતું હોય છે, જેમ કે ખેતર જોઈને પાક કેવો થશે, દેશનું વાતાવરણ જોઈને ભવિષ્યમાં શું થશે, વગેરે. આ બધાં અંદાજિત જ્ઞાન છે. સાચાં પડેય ખરાં અને ન પણ પડે. સમર્થ પ્રતિભાશાળી લોકો વધુમાં વધુ સાચાં અનુમાન કરી શકતા હોય છે. જો આ બધું જ પૂર્વનિર્ધારિત રીતે થતું હોય તો કર્મવાદ ન રહે અર્થાત્ જીવનને કર્મ કરવાની સ્વતંત્રતા ન રહે, કારણ કે તે પોતાના મનથી કશું જ કરી શકે નહિ. બધું જ પૂર્વનિર્ધારિત થયા કરતું રહે. આ બરાબર નથી. આવું માનનારા પુરુષાર્થહીન થયા એટલે દરીદ્ર અને ગુલામ થયા. સાચી વાત એ છે કે માણસ પુરુષાર્થ કરીને પોતે તથા પોતાના દેશને ધન-ધાન્યથી સુખી-સમૃદ્ધ બનાવી શકે છે. જો પુરુષાર્થની સાથે વિજ્ઞાન અને ટેક્નોલોજી ભળે તો-તો પછી કહેવું જ શું? એટલે પ્રજાને એવું જ્ઞાન આપવું જોઈએ કે જેથી તે વિજ્ઞાનપૂર્વકનો પુરુષાર્થ કરતી રહે. જે વિચારો કે જ્ઞાનથી વિજ્ઞાન અને પુરુષાર્થનો વિરોધ થતો હોય તે આત્મઘાતી વિચારોથી પોતે બચવું જોઇએ અને લોકોને બચાવવા જોઇએ.



બુધ્ધિ અને જ્ઞાન

પદાર્થને સમજનારી અને ખરો-ખોટો નિશ્ચય કરનારી બુદ્ધિ છે. બુદ્ધિનું સ્થાન મસ્તિષ્કનાં જ્ઞાનતંતુઓમાં રહેલું છે. બધાંનાં જ્ઞાનતંતુઓ એકસરખા નથી હોતા એટલે બધાંની બુદ્ધિ પણ એકસરખી નથી હોતી. જ્ઞાનતંતુઓ ઓછા-વત્તા હોવાનું કારણ આનુવંશિકતા વગેરે છે. વિશ્વમાં કેટલીક જાતિઓ અત્યંત બુદ્ધિશાળી હોય છે. કેટલીક મધ્યમ તથા મંદ પણ હોય છે. શિક્ષણસંસ્થાઓ દ્વારા મૂળભૂત બુદ્ધિનો વિકાસ અમુક પ્રમાણમાં કરી શકાય છે. શિક્ષિત સમાજ અશિક્ષિત સમાજ કરતાં એટલા માટે આગળ ચાલતો રહે છે. કેટલીક અસાધારણ પ્રતિભાઓ કેમ બને છે, તે કહેવું કઠિન છે. કુદરતી રચનાનાં કેટલાંય રહસ્યો હજી સુધી શોધી શકાયાં નથી. માણસ પ્રયત્ન કરી રહ્યો છે. ભવિષ્યમાં વધુ ને વધુ રહસ્યો શોધતાં રહેશે. અસાધારણ પ્રતિભાઓ પ્રયત્નો કરીને પેદા નથી કરી શકાતી. હા,અસાધારણ પ્રતિભાવોને પૂરતી કેળવણી મળે તો તે સોળે કળાએ ખીલી ઊઠી શકે છે. જે પ્રજા પોતાની બૌદ્ધિક સંપદાને ઓળખે છે, તેને રક્ષે છે અને વધારે છે, તે જ વિશ્વની 'સુપર' પ્રજા બને છે. કોઈ પણ

દેશની બૌદ્ધિક સંપદા એ જ સાચી સંપદા છે. આવી સંપદા વિનાના દેશમાં તેનું ખાલીપણું થશે, જેને ભરવા માટે બૌદ્ધિક દેશોની પ્રજા આવી જશે અને ક્રમે ક્રમે અથવા એકદમ પોતાની સર્વોપરિતા સ્થાપિત કરી દેશે. સ્થાયી અથવા મૂળ પ્રજા આપોઆપ બીજા નંબરે કે ત્રીજા નંબરે ઊતરી જશે. જેણે પોતાની પ્રજાને બીજા-ત્રીજા નંબરે ઉતારી પાડવી ન હોય તેણે બૌદ્ધિકતાને વધુ ને વધુ વધારતા રહેવી જોઇએ.

બૌદ્ધિકતાનો સ્તર નીચે ઊતરવાનાં કારણોમાં એક તો આનુવંશિકતા છે, તો બીજી તરફ પ્રયોગશાળા અને વિજ્ઞાનનો વિરોધ કરનારી માન્યતાઓ છે. ચુસ્ત ધાર્મિકતા બૌદ્ધિક વિકાસને અવરોધવાનું કામ કરે છે. તેમાં પણ ગ્રંથબદ્ધ કે વ્યક્તિબદ્ધ ધાર્મિકતા બૌદ્ધિક વિકાસને ભારે અવરોધે છે. પોતે જે ધર્મગ્રંથને માને છે તે ઈશ્વરીય છે, ઈશ્વરની વાણી છે અને તેમાં છેલ્લામાં છેલ્લું અને સાચામાં સાચું જ્ઞાન નિવિષ્ટ છે. તેનાથી બહાર જે જ્ઞાન છે તે શેતાની અને હાનિ કરનારું છે. એટલે માત્ર આ અને આ જ ધર્મગ્રંથનું જ જ્ઞાન પર્યાપ્ત છે. આવી ગ્રંથબદ્ધતા કૂપમંડૂકતા પેદા કરે છે.



આવી જ રીતે ભૂતકાળ કે વર્તમાનકાળમાં કોઈ વ્યક્તિવિશેષમાં બંધાઈ ગયેલી પ્રજા પણ જ્ઞાનવિકાસ નથી કરી શકતી, ઊલટાની ઘણી વાતો સાચા જ્ઞાનની વિરોધી પણ થઈ જતી હોય છે, કારણ કે પ્રત્યેક જ્ઞાનને તે પેલી વ્યક્તિના હવાલાથી પ્રમાણિત કરતી હોય છે. પશ્ચિમ ધર્મગ્રંથ અને વ્યક્તિવિશેષમાંથી બહાર નીકળ્યું અને હજાર આપત્તિઓ ઝીલીને પણ તેણે પ્રયોગશાળાઓનો વિકાસ અને સ્વીકાર કર્યો એટલે તે વિશ્વની 'સુપર' પ્રજા બની અને વિશ્વ ઉપર પ્રભાવશાળી બની. જો તે પણ ગ્રંથબદ્ધ કે વ્યક્તિબદ્ધ બની રહી હોત તો પામરતામાં સબડતી હોત.

વધુ પડતી પ્રારબ્ધવાદી કે સંતોષવાદી પ્રજા પણ જ્ઞાનનો વિકાસ નથી કરી શકતી. 'બધું જ્ઞાન અમારા પૂર્વજોની જ પાસે હતું. અમે મહાન છીએ. અમારે કોઈની પાસેથી કશું શીખવાની જરૂર નથી.' આવી આત્મશ્લાઘાના ભ્રમમાં રાચનારી પ્રજા પણ મિથ્યાભિમાનની સાથે પછાત બની જતી હોય છે.

જે લોકો સતત સાદું અને સીમિત જીવન જીવવાનું દર્શન સ્વીકારે છે તે લોકોની જરૂરીયાતો સીમિત થઈ જવાથી તેમનું જ્ઞાન પણ સીમિત બની જતું હોય છે, કારણ કે જરૂરિયાતો પૂરી કરવા ઘણા અને નવા જ્ઞાનની તેમને જરૂર જ નથી પડતી. એટલે જ્ઞાનનો વિકાસ થતો નથી.

આવાં અનેક કારણોસર જ્ઞાનની ક્ષમતા હોવા છતાં પણ જ્ઞાનનો વિકાસ થતો નથી.

ઘણાલોકો બુદ્ધિ અને જ્ઞાનમાં ભેદ માને છે. એ યોગ્ય નથી. બુદ્ધિ અને જ્ઞાન એક જ છે. બન્નેમાં ભેદ માનનારા બુદ્ધિને અંતઃકરણનો વૃતિવિશેષ માને છે, જ્યારે જ્ઞાનને આત્મા કે આત્માની શક્તિ — ગુણ માને છે. આ ઠીક નથી. બુદ્ધિ, જ્ઞાન, પ્રતિભા, મેધા, પ્રજ્ઞા વગેરે અનેક શબ્દો બુદ્ધિની ચઢ-ઊતર કક્ષા બતાવનારા છે, એટલે પર્યાયવાચી છે અને આ બધાં તત્ત્વો મસ્તિષ્કમાંની રચનાને આધીન છે.

જ્ઞાન કદી નિર્વિષયક હોતું નથી, સવિષયક જ હોય છે. જે વિષય હતો નહિ, છે નહિ, થવાનો નથી. જેનો કોઈ પણ સ્થળે કશો ઉલ્લેખ પણ નથી તેનું જ્ઞાન પણ હોતું નથી.

આત્મા જ્ઞાનરૂપ છે તેવું કહેવું પણ યોગ્ય નથી. જો તેવું હોય તો અજ્ઞાનરૂપ કોણ છે ? જડ તત્ત્વો અજ્ઞાનરૂપ નથી, કારણ કે અજ્ઞાન પણ જ્ઞાનપૂર્વકનું હોય છે, સવિષયક હોય છે. જેને જ્ઞાન હોય છે, તેને જ અજ્ઞાન હોય છે. એટલે તો લોકો અજ્ઞાનવૃતિ માટે પ્રયત્ન કરે છે.



‘એકને જાણવાથી સંપૂર્ણ જણાઇ જાય છે.’( એકેન વિજ્ઞાનતેન સર્વં વિજ્ઞાતં ભવતિ’) તેવું કથન વાસ્તવિક નથી, ગેરમાર્ગે દોરનારું છે, જ્ઞાનને અવરોધનારું છે. માટીને જાણી લેવાથી માટીમાંથી બનનારાં બધાં વાસણો વગેરેનું જ્ઞાન થઈ જતું નથી. જે વાસણો જોયાં, જાણ્યાં કે સાંભળ્યાં નથી, તેમ છતાં વિશ્વના કોઈ ભાગમાં તેમની સત્તા છે, તે વાસણોનું જ્ઞાન માત્ર મૃતિકાના જ્ઞાનથી થઈ જતું નથી.

મૃત્તિકા જ સત્ય છે, તેનાં વાસણો વગેરે નામરૂપમાત્ર છે, મિથ્યા છે, તેવું માનવું પણ ભ્રમ અથવા અજ્ઞાન છે. કારણ અને કાર્ય બન્ને સત્ય છે, કારણ કે બન્ને વ્યવહારિક છે. બન્ને પ્રત્યક્ષાદિક્ષી સિદ્ધ છે. બન્ને સર્વમાન્ય અને સર્વાનુભૂત છે. મિથ્યા સર્વાનુભૂત નથી હોતું.

જ્ઞાન ક્રમવાર અને વિષયવાર હોય છે. વીજળીનું બટન દબાવવા માત્રથી જેમ પ્રકાશ થઈ જાય છે અને બધો અંધકાર ચાલ્યો જાય છે. તેમ કોઈ એક સાધનાથી ક્ષણવારમાં સાક્ષાત્કાર થઈ જવાથી બધું અજ્ઞાન ચાલ્યું જાય છે અને સંપૂર્ણ જ્ઞાન પ્રગટી જાય છે તેવું માનવું યોગ્ય નથી. સાક્ષાત્કાર એક માનસિક ભૂમિકા છે અને કલ્પના કે ભ્રમણા હોઈ શકે છે. રાત-દિવસ એકના એક વિચારો ઘોળાયા કરતા હોય તેને કોઇ-કોઇ વાર આવી અનુભૂતિ થવા સંભવ છે. પણ આવાં માણસોને એક જ ઝટકે સંપૂર્ણ જ્ઞાન થઈ જાય છે, તેવું કથન બરાબર નથી. જ્ઞાન અનંત છે અને અજ્ઞાન પણ અનંત છે. વિશ્વમાં એટલા બધા વિષયો છે કે કોઈ પણ મનુષ્ય પૂરા વિશ્વના બધા વિષયોને યથાતથ જાણી શકતો નથી.

જેને આપણે જ્ઞાની કે મહાજ્ઞાની કહીએ છીએ તે એક નિશ્ચિત ક્ષેત્રનું જ આપણી કક્ષા કરતાં થોડું વધારે જ્ઞાન ધરાવતો હોય છે એટલે આપણે તેને મહાજ્ઞાની કહીએ છીએ. ખરેખર તો સંપૂર્ણ જ્ઞાન આગળ તો તેની પાસે સમુદ્રના એક બિંદુ જેટલું જ જ્ઞાન છે.

હા, પરમેશ્વર પૂર્ણ –સંપૂર્ણ જ્ઞાની છે, કારણ કે તેને અનંતકોટી બ્રહ્માંડો અને તેના સૂક્ષ્માતિસૂક્ષ્મ પદાર્થો હસ્તામલકવત્ છે.

પ્રજાની બુદ્ધિનો પૂરો વિકાસ થાય તેવા પ્રયત્નો કરવાથી પ્રજા અને રાષ્ટ્ર મહાન બને છે.


**સરદારધામ મેગેઝિનના વાચકો જોગ**

સરદારધામ ઈ મેગેઝિનના વાચકોએ
મેગેઝિન અંગેના પોતાના પ્રતિભાવો
magazine.sardardham@gmail.com
ઉપર મોકલવા વિનંતી.



એચ. એસ. પટેલ
આઇ.એ.એસ.(નિ.)
સી.ઈ.ઓ., સરદારધામ

# લોકોપયોગી માર્ગદર્શન

## કોઈપણ ખેતી / બિનખેતી વિષયક મિલકત ખરીદતા પહેલાં નીચે મુજબના મુદ્દાઓ ધ્યાનમાં રાખવાપાત્ર

(૧) ખેતીની જમીન ખરીદતી વખતે સંબંધિત જમીનના નિયમોનુસાર ગામ નમૂના નં.૬, ૭/૧૨, અને ગા.નં.૮-અ ની પ્રમાણિત નકલ સંબંધિત મામલતદાર કચેરીના ઈ-ધરા કેન્દ્રમાંથી મેળવવી.

(૨) કોઈપણ બિનખેડૂત વ્યક્તિ ગણોત અધિનિયમની કલમ-૬૩ હેઠળ ખેતીની જમીન ધારણ કરવાને લાયક નથી તેઓએ કલેક્ટરની પરવાનગી સિવાય ખેતી વિષયક જમીન ખરીદવી નહી.

(૩) કોઈપણ બિનખેડૂત વ્યક્તિ વીલ યાને વસીયતનામાથી ખેતીની જમીન પ્રાપ્ત કરે તો સુપ્રિમકોર્ટના ચુકાદા મુજબ ગેરકાયદેસર છે.

(૪) ખેતીની જમીનની ખરીદીના પ્રસંગે સંબંધિત સર્વે નંબરની પ્રમોલગેશનની એન્ટ્રીથી છેવટ સુધીની ઉત્તરોત્તર ગા.ન.નં.૬ની પ્રમાણિત નકલ મેળવવાનો આગ્રહ રાખો.

(૫) ગા.ન. નં.૭/૧૨ના બીજા હક્કમાં નિયંત્રિત સત્તા પ્રકારની (નવી શરત) જમીન હશે અથવા તો “બિનખેતી પ્રીમિયમને પાત્ર” તેવી નોંધ હશે. આવા પ્રસંગે કલેક્ટરશ્રીની પૂર્વમંજૂરી મેળવી બિનખેતી ઉપયોગ કરતા પહેલાં સરકારશ્રીમાં પ્રીમીયમની રકમ અવશ્યપણે જમા કરાવો. ખેતીની જમીન જૂની શરત હોય તો ખેડૂત ખાતેદાર ખરીદી શકશે.

(૬) ગા.ન.નં.૭/૧૨ ના બીજા હક્કમાં મંડળી કે બેંકની કે અન્ય સંસ્થાના બોજાની નોંધ હોય તો જે તે સંસ્થા કે બેંકમાં બોજો ભરપાઈ કરાવી બોજામુક્તિની નોંધ અવશ્યપણે પડાવો.

(૭) બિનખેતી વિષયક હેતુ માટે સક્ષમ અધિકારી પાસેથી એટલે કે શહેરી વિસ્તારો કે ગ્રામ્ય વિસ્તારો માટે કલેક્ટર પાસેથી એન.એ. ની પરવાનગી



બિનખેતી વિષયક ધારો નક્કી કરવાના ભાગરૂપે મેળવી છે કે કેમ ? તેની ખાત્રી કરો.

(૮) મહેસૂલ વિભાગના પરિપત્ર પ્રમાણે ફાઈનલ ટી.પી.માં બિનખેતીની પરવાનગી મેળવવાની જરૂર નથી. ફક્ત ઔપચારિકતા ખાતર બિનખેતી ધારો નક્કી કરાવવાનો છે.

(૯) ખેતીની જમીન બિનખેતી થયેલ હોય તો અધિકૃત અધિકારી પાસેથી બિનખેતી હુકમની, લેઆઉટ પ્લાનની તથા નમૂના "એમ" માં સનદની ખરી નકલ મેળવવાનો આગ્રહ રાખવો તેમજ લેઆઉટમાં જણાવેલ જગ્યાએ જ પ્લોટ છે કે કેમ ? તેની ખાત્રી કરો.

(૧૦) પૂર્વ યુ.એલ.સી. (શહેરી જમીન ટોચ મર્યાદા ધારો) વિસ્તારમાં જમીન આવેલ હોય તો આવી જમીન શહેરી જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ ફાજલ થયેલ છે કે કેમ ? અને સરકાર હસ્તક જમીનનો કબજો લેવાયેલ છે કે કેમ ? તેમજ હાલ કોઈ લીટીગેશન કોઈ કોર્ટમાં ચાલે છે કે કેમ ? તેની ખાત્રી કરો. (હાલ ફક્ત વ્યક્તિગત રહેણાંકની જમીન નિયમિત કરતો કાયદો પસાર થયેલ છે)

(૧૧) જો મિલકત સીટી સર્વે વિસ્તારમાં આવેલી હોય તો સીટી સર્વે કચેરીએથી પ્રોપર્ટીકાર્ડની પ્રમાણિત નકલ મેળવવાનો અવશ્ય આગ્રહ રાખો તેમજ ઉત્તરોત્તર મિલકત રજિસ્ટરના ઉતારાથી ખાત્રી કર્યા બાદ જ મિલકતના ટાઈટલની ખરાઈ કર્યા બાદ જ જમીન ખરીદ કરવી.

(૧૨) ટી.પી. સ્કીમ હેઠળની કે શહેરી વિકાસ સત્તા મંડળ વિસ્તારની જમીન હોય તો કયા ઝોનમાં જમીન સ્થિત થઈ છે તે અંગે કોર્પોરેશન કે સંબંધિત શહેરી જમીન સત્તા મંડળની કચેરીએથી ખાત્રી કરો.

(૧૩) વીડીની (Grazing – ઘાસચારાની જમીન) જમીનના પ્રસંગે જાગીર ઉપાર્જન ધારા હેઠળ વીડીની જમીન ખેડવાણ કરવા કલેક્ટરશ્રીની મંજૂરી મેળવી છે કે કેમ ? તેની ખાત્રી કરો અને મંજૂરીના હુકમની પ્રમાણિત નકલ મેળવવાનો આગ્રહ રાખવો.

(૧૪) વીડીની જમીનનું વેચાણ કરવાનું હોય તો જાગીર ઉપાર્જન ધારા હેઠળ વીડીની જમીન વેચાણ કરવા અધિકૃત અધિકારીશ્રીની મંજૂરી મેળવી છે કે કેમ ? તેની ખાત્રી કરો અને આવી મંજૂરી અપાયેલ હોય તો પ્રમાણિત નકલ મેળવવાનો આગ્રહ રાખો.

(૧૫) ખેતીની જમીનના પ્રસંગે ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ અધિકતમ ક્ષેત્રફળ માટે કોઈ કેસ ચાલેલ છે કે કેમ ? જમીન ફાજલ થયેલ છે કે કેમ ? તેમજ ફાજલ જમીનનો કબજો સરકારશ્રી હસ્તક લેવાયેલ છે કે કેમ ? તેમજ કોઈ કોર્ટમાં લીટીગેશન ચાલે છે કે કેમ ? કોઈ મનાઈ હુકમ છે કે કેમ ? તે સઘળી બાબતે અવશ્ય ખાત્રી કરવાનું રાખો.

(૧૬) ટોચ મર્યાદા હેઠળ ફાજલ થયેલ જમીન અને ફાળવેલ જમીન કાયમી ધોરણે બિન તબદીલીને પાત્ર છે એટલે આ જમીનની તબદીલ ઉપર કાયમી નિયંત્રણ છે.

(૧૭) ટી.પી. સ્કીમ હેઠળ આવરી લેવાયેલ જમીન હોય તો મૂળખંડ તથા અંતિમ ખંડની વિગત તેમજ નમૂના "એફ" ની પ્રમાણિત નકલ તેમજ સ્કેચની પ્રમાણિત નકલ મેળવવાનો આગ્રહ રાખો.

(૧૮) ભૂદાન કે ખેત જમીન ટોચ મર્યાદા ધારા હેઠળની ફાજલ જમીન જૂની શરતમાં ફરી શકતી નથી. આથી આવી જમીન ખરીદવા ઉપર પ્રતિબંધ છે અને શરતભંગ બદલ જમીન ખાલસા કરવાપાત્ર છે.

(૧૯) "દીવેલિયા" કે દેવસ્થાન હેઠળની જમીન સંબંધિત ધર્માદા સંસ્થાના માત્ર ને માત્ર નિભાવ માટેની હોવાથી જે તે મંદિરના પૂજારી કે સંસ્થાના વહીવટકર્તાની માલિકીની જમીન બનતી નથી કે તેઓને ખેડૂતનું સ્ટેટસ મળતું નથી. જેથી આવી જમીન મહેસૂલ વિભાગના ૨૦૧૦ના પરિપત્ર મુજબ ચેરિટી કમિશનર તેમજ કલેક્ટરની મંજૂરી સિવાય વેચાણપાત્ર નથી.

(૨૦) જો જમીન ભાડાપટ્ટે અપાયેલ હોય તો ભાડાપટ્ટાની

મુદ્દત તેમજ સંબંધિત સત્તા પ્રકારની ખાત્રી કરવી અને આવી જમીનો સરકારની મંજૂરી મેળવ્યા સિવાય ખરીદ કરવી નહીં.

(૨૧) જો જમીન નવી શરતની હોય તો કે સાંથણીમાં જમીન ગ્રાન્ટ થઈ હોય તો જમીનના કબજા સોંપ્યાના રોજકામ અથવા તો માપણીશીટની પ્રમાણિત નકલ મેળવવાનો આગ્રહ રાખો.

(૨૨) જો જમીન કે મિલકતના ઉત્તરોત્તર દસ્તાવેજો થયાનો અગાઉના દસ્તાવેજમાં ઉલ્લેખ હોય તો સંબંધિત સબ રજિસ્ટ્રારશ્રીની કચેરીએથી ઈન્ડેક્ષની નકલ મેળવો અને સંબંધિત દસ્તાવેજની પ્રમાણિત નકલ અથવા તો ઈન્ડેક્ષની પ્રમાણિત નકલ મેળવવાનો આગ્રહ રાખો.

(૨૩) જો કુલમુખત્યારનામું મિલકત પરત્વે થયેલ હોય તો અસલ કુલમુખત્યારનામું મેળવવાનો આગ્રહ રાખો તેમજ કુલમુખત્યારનામું નોટરી સમક્ષ સંબંધિતના ફોટોગ્રાફ્સ સાથે સોગંદ ઉપર થયેલ હોવું જોઈએ અથવા તો તેની નોંધણી થયેલ હોવાની ખાત્રી કરો.

(૨૪) સૂચિત સોસાયટીઓ દ્વારા કરવામાં આવેલ સાટાખતને સંલગ્ન વ્યવહાર અંગે તાજેતરમાં ખાસ કાયદો બનાવી રહેણાંક પૂરતો નિયમબધ્ધ કરતો કાયદો ઘડવામાં આવ્યો છે અને તે અંતર્ગત નિયમબધ્ધ થાય છે.

(૨૫) અગાઉના અસલ રજિસ્ટર્ડ દસ્તાવેજો મેળવવાનો આગ્રહ રાખો. જેથી મુંબઈ સ્ટેમ્પ અધિનિયમની કલમ-૩૨ ક હેઠળ ખુટતી સ્ટેમ્પ ડ્યુટી ન ભરવાને કારણે દસ્તાવેજ નાયબ કલેક્ટરશ્રી, સ્ટેમ્પ ડ્યુટીની કચેરીએ રોકવામાં આવેલ હોય તો ખાત્રી થઈ શકે.

(૨૬) છેવટ સુધીના બિનખેતી આકાર, લોકલ ફંડ, શિક્ષણ ઉપકર કે જિલ્લા પંચાયતના કર ભરપાઈ થયા છે કે કેમ ? તેની અવશ્ય ખાત્રી કરો.

(૨૭) દસ્તાવેજની સર્ચ ફી ભરી ટાઈટલ ક્લિયરન્સ રીપોર્ટ મેળવવાનો આગ્રહ રાખો તેમજ મિલકત તમામ બોજા મુક્ત અને માર્કેટેબલ છે કે કેમ ? તે અંગે કાનૂની અભિપ્રાય મેળવો.

(૨૮) જો બાંધકામ થયેલી મિલકત હોય તો મ્યુનિસિપલ કોર્પોરેશનની / મ્યુનિસિપાલિટી શહેરી વિકાસ સત્તા મંડળ તેમજ સ્થાનિક સત્તા મંડળની બાંધકામની પરવાનગી, લે-આઉટ પ્લાન તથા (સી.સી.બી.યુ.) વપરાશના દાખલાની ખરી નકલ મેળવવાનો આગ્રહ રાખો.

(૨૯) કોર્પોરેશન કે સ્થાનિક સત્તા મંડળના વેરાઓ છેવટ સુધીના ભરપાઈ થયાની ખાત્રી કરો અને છેવટ સુધીના વેરા ભરપાઈ થયા અંગેની સંબંધિત પહોંચની ખાત્રી કરો.

(૩૦) સંબંધિત વીજવિતરણ કંપનીઓના લાઈટ કનેક્શનની ડિપૉઝિટ તથા છેલ્લા માસ સુધીના વિદ્યુત શુલ્ક ભરપાઈ થયાની ખાત્રી કરો.

(૩૧) જમીન મહેસૂલ નિયમો હેઠળ હક્કપત્રકમાં થતા ફેરફારો / વ્યવહારો હક્કપત્રકના નિયમોને આધીન વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી (Unless Contrary Proved) માન્ય રાખવાના છે. માલિકી હક્ક પ્રસ્થાપિત કરવાની સત્તા દિવાની કોર્ટને છે.

(૩૨) માત્ર દસ્તાવેજને મિલકતના અધિકૃત ટાઈટલ માનવાનું ટાળો.

(૩૩) કોઈપણ જમીન કે પ્લોટ બાબતે જમીન મહેસૂલ કાયદાની જોગવાઈ, ટૂકડા પ્રતિબંધક ધારાની જોગવાઈ, યુ.એલ.સી. કે એ.એલ.સી. કાયદા કે જમીન સુધારણા ધારાની જોગવાઈનું ઉલ્લંઘન થતું નથી ને ? તેની અવશ્ય ખાત્રી કરો.

(૩૪) "રેરા" કાયદો ૨૦૧૬ થી અમલમાં આવ્યો છે જેથી સંબંધિત કાયદા હેઠળની મંજૂરી મેળવેલ છે કે કેમ તેની ખાત્રી કરવી.

(૩૫) બહુમાળી મકાનના કિસ્સાઓમાં ગુજરાત ફ્લેટ માલિકી અધિનિયમની જોગવાઈઓ લાગુ પડે છે જેથી સામુહિક હિત / ઉપયોગના હક્ક અંગે ખાત્રી કરવી.

"જમીન / મિલકતની માલિકી નક્કી કરવાની આખરી સત્તા સિવિલ કોર્ટ"

રમેશ એમ. પરમાર
મદદનીશ ઉદ્યોગ કમિશનર (નિવૃત)
OSD-ED, સરદારધામ

# ઔદ્યોગિક માર્ગદર્શન

MSMED એક્ટ ૨૦૦૬ના ચેપ્ટર -૫ અન્વયે ડીલે પેમેન્ટ વિલંબિત ચુકવણી સંબંધી સૂક્ષ્મ (Micro) અને લઘુ (Small) એકમો અંગેની જોગવાઈઓ

ગુજરાત રાજયમાં માઈક્રો,સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ એક્ટ ૨૦૦૬ (MSMED ACT ૨૦૦૬) તા.૦૨/૦૧૦/૨૦૦૬થી અમલમાં છે.

આ એક્ટથી કામ ચલાઉ અને કાયમી લઘુ ઉદ્યોગ નોંધણી ક્રમાંક આપવાની પ્રથા રદ થયેલ છે.

આ એકટ હેઠળ ઉત્પાદન તથા સર્વિસિંગ કરતા માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝનો સમાવેશ કરવામાં આવેલ છે.

MSMED ACT ૨૦૦૬માં સૂક્ષ્મ (Micro) તથા લઘુ (Small) કક્ષાના એકમોને ખાસ પ્રકારનું રક્ષણ આપવામાં આવેલ છે. MSMED ACT ૨૦૦૬ના ચેપ્ટર-૫ની જોગવાઈ અન્વયે સૂક્ષ્મ (Micro) તથા લઘુ (Small) કક્ષાના એકમોએ વેચાણ કરેલ ચિજ વસ્તુઓ અન્વયે ખરીદ કરનાર એકમે ૪૫ દિવસમાં વેચાણ કરનાર એકમને પેમેન્ટ કરવાનું હોય છે. આ કાયદાકીય જોગવાઈનાં અમલ કરાવવા માટે રાજય સરકાર દ્વારા MSE Facilitation Council ની રચના કરવામાં આવેલ છે. ખરીદનાર એકમ તરફથી ૪૫ દિવસમાં વેચાણ કરનાર એકમને પેમેન્ટ ના મળે તો વેચાણ કરનાર એકમ દ્વારા નીચે મુજબની કાર્યવાહી કરવાની રહે છે. ખરીદનાર એકમ દ્વારા ૪૫ દિવસમાં વેચાણ આપનાર એકમને પેમેન્ટ આપવામાં આવતું નથી, આ સંજોગોમાં વેચનાર MSE એકમ MSE Facilitation Council સમક્ષ પેમેન્ટ મેળવવા માટે અરજી કરી શકે છે. વેચાણ કરનાર એકમે નિયત નમુનામાં જરૂરી આધાર પુરાવા સાથે MSME કમિશનરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગરને MSME કમિશનરશ્રીની વેબસાઈટ www.msmec.gujarat.gov.in ઉપર સમાધાન પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરવાની રહે છે. જેની લીંક https://samadhaan.msme.gov.in/MyMsme/MSEFC/MSEFC_Welcome.aspx છે.

MSME કમિશનર કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગરના સંયુકત ઉદ્યોગ કમિશનર(MSME) એ સભ્ય સચિવ તરીકે તથા MSME કમિશનરશ્રી, અધ્યક્ષ તરીકે આ કાઉન્સિલની કામગીરી કરે છે. કાઉન્સિલની કામગીરી અર્ધન્યાયિક (subjudicial)પ્રકારની છે.

ડીલે પેમેન્ટ માટે મળેલ અરજીઓ અંગે કાઉન્સિલ દ્વારા કન્સિલિએશન તથા આર્બિટ્રેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. કાઉન્સિલને સેકશન ૧૬ અન્વયે ડીલે પેમેન્ટ માટે RBIના ચાલુ બેંક દરના ૩ ગણા સુધીના વ્યાજ સહિતનું પેમેન્ટ માઈક્રો અને સ્મોલ એકમોને મળે તે માટેના હુકમો કરવાની સત્તા મળેલ છે.

ડીલે પેમેન્ટ માટે મળેલ અરજી અન્વયે કાઉન્સિલ દ્વારા ખરીદનાર એકમ સાથે પેમેન્ટ ન કરવા અંગે પત્ર વ્યવહાર

કરવામાં આવે છે, અને ખરીદનાર એકમ પાસેથી પેમેન્ટ ન કરવા અંગેની સ્પષ્ટતા મંગાવવામાં આવે છે. ખરીદનાર એકમે કરેલ સ્પષ્ટતા મુદ્દા/કારણોની જાણ ફરીથી વેચનાર એકમને કરવામાં આવે છે.

તમામ વિગતો મળ્યેથી પ્રકિયા પૂર્ણ કરી સભ્ય સચિવ દ્વારા કાઉન્સિલની બેઠક સમક્ષ એકમનો કેસ રજૂ કરવામાં આવે છે.

કાઉન્સિલ દ્વારા વેચનાર તેમજ ખરીદનાર એકમને કન્સિલિએશન દ્વારા સેટલમેન્ટ કરવા પ્રયત્ન કરવામાં આવે છે.

સેટલમેન્ટ ન થાય તો આર્બિટ્રેશન અને કન્સિલિટેશન એકટ ૧૯૯૬ના પ્રોવીઝન નં.૬૫ થી ૮૧ અન્વયે આર્બિટ્રેશનની કાર્યવાહી કરી વેચનાર તેમજ ખરીદનાર બંન્ને એકમોને સાંભળવામાં આવે છે. બંન્ને પક્ષકાર એકમોને સાંભળ્યા બાદ સ્ટેટ લેવલ ઈન્ડસ્ટ્રીયલ ફેસિલિટેશન કાઉન્સિલ દ્વારા નિર્ણય / એવોર્ડ આપવામાં આવે છે. કાઉન્સિલ દ્વારા લેવામાં આવેલ નિર્ણય / એવોર્ડની જાણ સાત(૭) દિવસની અંદર વેચનાર/ખરીદનાર બંન્ને એકમોને



કરવામાં આવે છે.

સ્ટેટ લેવલ ઈન્ડસ્ટ્રીયલ ફેસિલિટેશન કાઉન્સિલનાં આદેશોની સામે કાયદાકીય જોગવાઈ પ્રમાણે માત્ર હાઈકોર્ટ સમક્ષ જ અપીલ કરી શકાય છે.

ડીલે પેમેન્ટ સંબધી વધુ માહિતી માટે ઉદ્યોગકારોએ જે જિલ્લાના તેમનો ઉદ્યોગ સ્થાપિત થયેલ હોય તે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અથવા MSME કમિશનર કચેરી, ઉદ્યોગ ભવન, બ્લોક નંબર ૧ અને ૨, ચોથો માળ, સેકટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવાનો રહે છે. હાલની અમલીકરણ હેઠળની તમામ યોજનાઓની વિસ્તૃત માહિતી MSME કમિશનરશ્રીની વેબ સાઈટ www.msmec.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.



મિશન ૨૦૨૬ અંતર્ગત
સરદારધામ
આયોજિત

એકતા સે સમૃદ્ધિ કી ઓર...

# ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ

એપ્રિલ 29 30 & 1 મે 2022

SIECC (સરસાણા) - સુરત

# GPBS 2022

## મુખ્ય ઉદ્દેશો

- વ્યવસાયમાં વૃદ્ધિ
- નેટવર્કિંગ દ્વારા વેપાર-ઉદ્યોગનું પરસ્પર જોડાણ
- આર્થિક તથા સામાજીક ઉત્થાન દ્વારા સફળતાના દ્વાર ખોલવા

## એક્ઝિબિશન

- ૯૫૦+ **સ્ટોલ્સ અને** ૧૨+ **વિવિધ બિઝનેસ સેક્ટર**
- **૨૦૦૦+ એક્ઝિબિટર્સ**
- **૩૦,૦૦૦** Sq Mtrs **નું ભવ્ય એક્ઝિબિશન**
- **૩૦,૦૦૦+ ઉત્પાદન (પ્રોડક્ટસ)**
- **બહોળી સંખ્યામાં વિઝિટર્સ ઉપસ્થિત રહેશે**
- **વ્યવસાયિક જરૂરિયાતો માટે એક અનન્ય પ્લેટફોર્મ**

## GPBS 2018 & 2020 ની ખાસિયતો

- ૧૨૦૦+ સ્ટોલ્સ
- ૭,૦૦,૦૦૦+ વિઝિટર્સ
- ૨૦+ પ્રભાવશાળી મહાનુભાવો
- વિવિધ સેમિનાર અને અન્ય આયોજનો
- ૧૦૦૦+ સફળ વ્યવસાયિકો અને ઉદ્યમીઓની પ્રેરણાદાયી હાજરી
- રેકોર્ડ બ્રેકીંગ **B2B** મિટિંગ




## પાટીદાર ઉદ્યોગ રત્ન એવોર્ડ

**ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ દરમ્યાન 'પાટીદાર ઉદ્યોગ રત્ન' એવોર્ડ સમારંભ યોજવામાં આવશે. આ પ્રસંગે 'પાટીદાર ઉદ્યોગ રત્ન' ના શીર્ષક હેઠળ એક કોફી ટેબલ બુકનું વિમોચન થશે, જેમાં તમામ એવોર્ડ વિજેતાઓની માહિતી સભર પ્રોફાઈલ સામેલ કરવામાં આવશે.**






## વિશેષતાઓ

- **દેશ-વિદેશ માંથી અનેક પ્રતિનિધીઓની ઉપસ્થિતિ**
- **ઉદ્યોગજગતના અગ્રણીઓની ઉપસ્થિતિ**
- **કૃષિ, ડેરી અને મહિલા ઉદ્યોગ સાહસિકો માટે એક્ઝિબિશન સ્ટોલમાં ખાસ ૫૦% ડિસ્કાઉન્ટ**
- **સામાજીક સમરસતાના ભાગરૂપે અન્ય સમાજના ઉદ્યોગ સાહસિકો માટે ૧૦% એક્ઝિબિશન સ્ટોલની ફાળવણી**
- **એક્ઝિબિટર્સ માટે કોમ્પ્લીમેન્ટ્રી B2B મીટીંગ સ્પેસ**

## કન્વેન્શન

- **આર્થિક પાસાઓને અનુલક્ષીને આયોજીત કરવામાં આવેલું દેશનું સર્વપ્રથમ સમાજલક્ષી કન્વેન્શન**
- **આર્થિક વિકાસના મુદ્દાઓ ઉપર અનુભવી ઉદ્યોગપતિઓનું માર્ગદર્શન અને પ્રેરણાદાયક વક્તવ્યો**
- **કોર્પોરેટર જગત સાથે ચર્ચા-વિચારણા કરવાની અમૂલ્ય તક**
- **બિઝનેસ મેનેજમેન્ટ અને ટેકનોલોજી અંગે ખાસ સેશન**



# SURAT INTERNATIONAL EXHIBITION AND CONVENTION CENTRE (SIECC)- SARSANA

## OVERALL LAYOUT




### એક્ઝિબિશન સ્ટોલ ચાર્જીસ

- રૂા. ૬૦૦૦ પ્રતિ ચોરસ મીટર + ૧૮% GST
- ૩૧ ઓક્ટોબર પહેલા બુક કરાવનાર માટે ૧૦% ડિસ્કાઉન્ટ
- ડોમ 'A' માં કૃષિ, ડેરી અને મહિલા **એક્ઝિબિટર્સ માટે ૫૦% ડિસ્કાઉન્ટ (મંજૂરીને આધિન)**

### એક્ઝિબિટર્સ બેનિફિટ

- ગાલા ડિનર (૨૮.૦૨.૨૦૨૨)
- એક્ઝિબિટર કીટ અને મોમેન્ટો
- ૨ વ્યક્તિ માટે મધ્યાહ્ન ભોજન + હાઈ ટી (૩ દિવસ માટે)

### GPBS એપ્લિકેશન

- વિઝિટર્સની માહિતી
- વિઝિટર્સ રજીસ્ટ્રેશન
- ડિજિટલ વિઝિટિંગ કાર્ડ્સ (ડાઉનલોડ)
- ઈ-ડિરેક્ટરી-એક્ઝિબિટર્સની માહિતી

### ORGANIZED BY



**સરદારધામ**

**વિશ્વ પાટીદાર સમાજ**

### JOIN US ON SOCIAL MEDIA PLATFORMS

SardardhamOfficial | SardardhamOfficial | sardardham_official | +91 90690 34040 | sardardham_ | SardardhamOfficialGroup


| સરદારધામ મધ્યસ્થ કાર્યાલય | સરદારધામ દક્ષિણ ગુજરાત કાર્યાલય | સરદારધામ મધ્ય ગુજરાત કાર્યાલય |
|---|---|---|
| સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૮૧.<br>M: 7575001548<br>Email: info.sardardham@gmail.com | ચોથો માળ, પ્રભુ પ્રસાદ, હિન્દુ મિલન મંદિરની સામે, કાંસાનગર ત્રણ રસ્તા, કાંસાનગર, કતારગામ, સુરત-૩૯૫૦૦૪.<br>M: 7575007186 \| 9737777247<br>Email: sardardhamsurat@gmail.com | L&T નોલેજ સીટીની બાજુમાં, વાઘોડીયા ક્રોસિંગ પાસે, નેશનલ હાઈવે 8A, વડોદરા-૩૯૦૦૨૦.<br>Mo: 7575033001<br>Email: sardardham.baroda@gmail.com |

| સરદારધામ સૌરાષ્ટ્ર કાર્યાલય | સરદારધામ ઉત્તર ગુજરાત કાર્યાલય | સરદારધામ ભુજ કાર્યાલય |
|---|---|---|
| સરદારધામ સૌરાષ્ટ્ર, ઇન્દ્રપ્રસ્થ નગર-૧ કોર્નર, એસ. કે. પાઠક સ્કૂલ ની બાજુમાં, ભક્તિનગર રેલવેલાઈન પાસે, રાજકોટ ૩૬૦૦૦૧<br>M: 7575009796<br>Email: sardardham.rajkot@gmail.com | સરદારધામ GBPO હોલ, એપોલો આર્કેડ, વિશ્વકર્મા વાડી, મોઢેરા રોડ, મહેસાણા-૩૮૪૦૦૨<br>M: 76000 26642<br>Email: gpbomehsana@gmail.com | સરદારધામ સુર્યા વરસાણી એકેડમી, સેનેટોરિયમ પાસે, ભુજ મુન્દ્રા હાઈવે, ભુજ - ૩૭૦૪૨૭<br>Mo - 7575001438<br>Email - bhuj@sardardham.org |


### EVENT PARTNERS

**PAL SOLUTIONS**

609, Iscon Emporio, Nr. Star Bazaar, Jodhpur Cross Road,
Satellite, Ahmedabad, Gujarat 380015
PH: 07948978435 M: +91 87994 59293

### એક્ઝિબિશન સ્ટોલ બુકિંગ અને સ્પોન્સરશીપ માટે સંપર્ક

M 90690 34040
91065 04699

E mail : gpbs2022@gmail.com | info@gpbs.in



## જીપીબીઓ વિશે

સરદારધામ દ્વારા પ્રસ્થાપિત મિશન ૨૦૨૬ અંતર્ગત પ્રથમ હરોળના ૧૦,૦૦૦થી વધુ ઉદ્યોગપતિઓને સંગઠિત કરવા માટે ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશનની (GPBO) રચના કરવામાં આવી છે.

જીપીબીઓના નેટવર્કને જિલ્લા, રાજ્ય અને વિવિધ દેશોમાં વિસ્તારવાનું આયોજન કરવામાં આવ્યું છે. જીપીબીઓ દ્વારા ઉદ્યોગ જગત માટે ઉપયોગી એવા

- મોટીવેશનલ પ્રોગ્રામ
- ટ્રેઈનિંગ પ્રોગ્રામ
- સેક્ટર આધારિત B2B મીટિંગ્સ
- નવીન ટેક્નોલોજી અને આધુનિક ધંધાકીય અભિગમ માટેના આયોજનો કરવામાં આવે છે.

## P2P નેટવર્ક

GPBO દ્વારા પ્રસ્થાપિત P2P ઓનલાઈન બિઝનેસ નેટવર્ક ગામથી લઈને શહેર અને દેશ-વિદેશના તમામ પાટીદાર ઉદ્યોગકારો માટે નેટવર્કિંગનું શ્રેષ્ઠ માધ્યમ બની રહેશે. જેમાં નાના વ્યાપારીઓથી લઈને મોટા ઉદ્યોગપતિઓ પોતાના વ્યવસાયનું રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

P2P ઓનલાઈન નેટવર્ક આપના ઉત્પાદનો અને સેવાઓને પ્રમોટ કરવાનું શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ ઉપરાંત P2P ઓનલાઈન નેટવર્ક દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળો કાચો માલ મેળવી શકશો તેમજ અન્ય જરૂરીયાતો માટેના સપ્લાયર્સ સાથે આપ સીધો સંપર્ક કરી શકશો.

## મુખ્ય ઉદ્દેશ

- ☑ એકબીજા સાથે નેટવર્કિંગ દ્વારા વ્યાપાર ઉદ્યોગમાં પરસ્પર ઉપયોગી થવું
- ☑ સમાજમાં નવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવામાં ઉપયોગી થવું
- ☑ શિક્ષિત અને સક્ષમ યુવાઓને રોજગારીની તકો પુરી પાડવામાં ઉપયોગી થવું

## કોણ જોડાઈ શકે?

- ☑ નાના-મોટા બિઝનેસમેન
- ☑ પ્રોફેશનલ્સ
- ☑ સર્વિસ પ્રોવાઈડર્સ

## કેવી રીતે ઉપયોગી છે?

- ☑ પ્રોડક્ટ, સર્વિસ વિશેની માહિતી
- ☑ ઈ-મેઈલ અથવા ફોનથી સંપર્ક
- ☑ ધંધાકીય જોડાણ

## કઈ વિગતો અપલોડ કરી શકાય?

- ☑ કંપનીનું નામ તથા લોગો
- ☑ માલિકનું નામ તથા ફોટો
- ☑ સંપર્કની વિગતો
- ☑ કંપનીનું પ્રોડક્ટ લીસ્ટ તથા ફોટો
- ☑ કંપનીની પ્રોડક્ટ વિશે માહિતી
- ☑ કંપનીને જરૂરી રો-મટીરીયલ, સેવાઓ તથા જોબવર્કની વિગતો
- ☑ કંપનીને જરૂરી સ્ટાફની વિગતો



સમસ્ત પાટીદારની એકતાનું ધામ

**સરદારધામ**

વિશ્વ પાટીદાર સમાજ

આયોજીત

**મિશન ૨૦૨૬ અંતર્ગત**

**ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન**

**GPBO**

**૧૦ લાખ**

**બિઝનેસમેનનું જોડાણ**



Register your Business in GPBO Network Application
Contact for More information Phone :-7575007183

www.gpbo.org GPBO



વૃંદા મનજીત
જાણીતા લેખિકા

# અબ સોશિયલ મીડિયા કે હવાલે સંબંધ સાથીઓ...

આજે લગભગ દરેક વ્યક્તિ સોશિયલ મીડિયા પર એક્ટિવ છે. પછી તે કરોડપતિ ઉદ્યોગપતિ હોય કે આપણે ઘેરથી કચરો લેવા આવતો સ્વીપર. આપણને મળતા ૧૦૦ ટકા સમયમાંથી લગભગ અડધો સમય આપણે મોબાઈલ કે કોમ્પ્યુટર પર એ જોતાં હોઈએ છીએ કે કોણ કોને શું વીશ કરે છે, મારી પોસ્ટની કેટલી લાઈક્સ મળી, અને અન્યને મારાથી વધુ લાઈક કેવી રીતે મળી, અને નેક્સ્ટ ટાઈમ કોઈ સારી પોસ્ટ મૂકવાની હોય તો ઘણો બધો સમય ગૂગલમાં એ શોધવામાં જાય કે કયા શબ્દોનો ઉપયોગ કરું તો તેના લોકો વખાણ કરે.

જ્યારે સોશિયલ મીડિયાની શરૂઆત થઈ ત્યારે લોકો ઉત્સાહભેર કહેતાં કે ક્યાં ક્યાં ખૂણામાં બેઠેલા લોકો આપણી પોસ્ટ વાંચે છે અને આપણી સાથે મિત્રતા કરવા માગતાં હોય છે જ્યાં કિલોમીટરનું અંતર નહીં પરંતુ અંતરની લાગણી વધુ મહત્વની બની જાય છે.

ધીરે ધીરે લોકો સોશિયલ મીડિયાના એટલા બધા એડિક્ટ થઈ ગયાં કે તેઓ પોતે સવારથી સાંજ સુધી શું કરે છે, કોનો જન્મ દિવસ, કેવી રીતે ઉજવ્યો, ફરવા ગયાં તો શું પહેર્યું હતું, પતિપત્ની વચ્ચે કેટલી ઇન્ટીમસી છે, પુત્ર-પુત્રી કે તેમના સંતાનોને તેઓ કેટલો પ્રેમ કરે છે, કોને ચોકલેટ





આપી વગેરે પોસ્ટ કરવા લાગ્યા અને આમ સંબંધોના પ્રદર્શનનો સિલસિલો શરૂ થઈ ગયો.

ઘણીવાર સોશિયલ મીડિયા નવા સંબંધો બનાવવામાં મદદરૂપ થાય છે પણ તેનો વધુ પડતો ઉપયોગ સંબંધો ખરાબ પણ કરી શકે છે. એક તરફ તો ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવા પ્લેટફોર્મ પર કે વોટ્સએપમાં ગ્રૂપ બનાવી નવા સંબંધો બનાવવામાં લોકો એટલાં વ્યસ્ત થઈ જાય છે કે તેમની આસપાસ ફરતા જીવંત સંબંધોથી દૂર થતાં જાય છે. પતિપત્ની એકબીજાને ક્વોલિટી સમય નથી આપી શકતા, બાળકો બાળપણમાં જ મેચ્યોર થઈ જાય છે કારણ કે તેમને ખબર છે કે તેમની સાથે રમનાર હવે કોઈ નથી કે પછી ઘરનાં વડીલોને જાણ્યે અજાણ્યે ઘરની જ વ્યક્તિઓ અવગણવા લાગી જાય છે.

સોશિયલ મીડિયા પર પોતાના જીવનમાં આવતી ખુશીની પળને શેર કરવામાં જરાય વાંધો નથી. પોતાના અને પોતાના પરિવારના સુંદર ફોટા કે કોઈ એચિવમેન્ટ શેર કરવામાં કોઈ વાંધો નથી પરંતુ સમસ્યા ત્યારે આવે છે જ્યારે તમારા એકબીજા સાથેના મતભેદો, ઝઘડા કે એકબીજાની એવી ઈન્ટીમેટ વાતો જે સામાન્ય રીતે કોઈ ભણેલી ગણેલી વ્યક્તિ જાહેર કરવા ન માગે, તે જ્યારે જગજાહેર થાય ત્યારે વ્યક્તિ હાંસીનું પાત્ર બને કાં તો તેને ટ્રોલ કરવામાં આવે. આવા સમયે વ્યક્તિની મનઃસ્થિતિનું વર્ણન શબ્દોમાં નથી કરી શકાતું.

સોશિયલ મીડિયા પર વધુ સમય વીતાવવાથી નુકસાન થાય છે. કારણ કે તે એક એવો દરિયો છે જેમાં તરવામાં ને તરવામાં તમે એટલાં ડૂબી જાઓ છો કે તમારી આસપાસની જિંદગીઓ વિશે તમને ખ્યાલ જ નથી રહેતો. તેઓ પણ કિનારે ઊભાં રહી તમારી રાહ જોતાં રહે છે. સોશિયલ મીડિયા પર આવતી જાણકારીઓ એક લિમિટથી વધુ મન પર અસર કરે તો તમારા વિચારો પર તેની અસર થવા લાગે છે. તેમાં કેટલાંક એવાં કારણો પણ છે જે તમારા સંબંધોમાં ખટાશ ભેળવી શકે છે. જેવાં કે

### શકનું કારણ

કહેવાય છે કે દુનિયામાં દરેક દર્દની દવા છે પરંતુ શકની નથી. સોશિયલ મીડિયામાં વધુ રચ્યા પચ્યા રહેવાથી સંબંધોમાં શંકાનું બીજ પડી જાય છે. તમે જેટલો વધુ સમય સોશિયલ મીડિયા પર વીતાવો તેટલી તમારા અને તમારી સાથે રહેનાર વ્યક્તિઓમાં નેગેટિવિટી વધતી જાય છે. તમને એ પણ ખબર નથી હોતી કે સોશિયલ મીડિયામાં લીન રહેતી વખતે તમારા ચહેરાના હાવભાવ જોઈને સાથે રહેનારી વ્યક્તિને શંકા થવા લાગે છે અને પરિણામે તે તમારી જાસૂસી શરૂ કરી દે છે. અનેક એવી વાતો મગજમાં આવે છે જે સહી પણ નથી શકાતી, પૂછી પણ નથી શકાતી

જેના દ્વારા શંકાનું સમાધાન થઈ શકે.

જો તમારી સુંદર પત્નીની પોસ્ટ પર તમારી કલ્પનાથી વધુ લાઈક મળવા લાગે અથવા તેની પોસ્ટ પર ખૂબ સરસ પોસ્ટ આવવા લાગે તો તમને મનમાં જલન થવા લાગશે. જો આ વાત પર ચર્ચા શરૂ થાય તો તેનો અંત સંબંધોમાં તિરાડ રૂપે જ જોવા મળી શકે છે. તેથી જીવંત સંબંધોને વર્ચ્યુઅલ સંબંધો કરતાં વધુ સારી રીતે સંભાળવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## રીયલ લાઈફ વિરુદ્ધ રીલ લાઈફ

દરેક વ્યક્તિના પોતાના અંગત સંબંધો હોય છે. દરેક વ્યક્તિ પોતની નજીકની વ્યક્તિ પાસેથી કોઈ અપેક્ષા રાખે છે અથવા વાઈસે વરસા. સામાન્ય રીતે તો દરેકનું જીવન ખૂબ જ સ્મૂધલી ચાલતું હોય છે પરંતુ જ્યારે સોશિયલ મીડિયા પર અન્ય કપલને જોઈને તેમના જીવનની સારપ જેવું પોતાના જીવનમાં થાય એવી અપેક્ષા રાખવા લાગે અથવા પોતાના જીવનસાથી સાથે તેની સરખામણી કરવા લાગે ત્યારે અસલી સમસ્યાની શરૂઆત થાય છે. તમે એ પણ જોયું હશે કે સમાજમાં પોતાની પ્રતિષ્ઠા અકબંધ રહે તે માટે ઘણા લોકો પોતાની અસલી વાતો છુપાવતા પણ હોય છે. અને જ્યાં સોશિયલ મીડિયાની વાત આવે ત્યાં તો જે નથી તે જ દેખાડવાનો મોટા ભાગે ટ્રેન્ડ જોવા મળે છે. દરેકની પોતાની સ્ટાઈલ હોય છે, સંબંધો સાચવવાના દરેકના પોતાના વિચારો હોય છે તેથી કોઈની વસ્તુ જોઈને પોતાના પાર્ટનર પર તે ઈમ્પોઝ કરવાનો પ્રયત્ન ન કરવો જોઈએ.



કપલની વાત તો દૂર વ્યક્તિગત રીતે બૉડી બિલ્ડિંગ કરનારા કે ખૂબસૂરત દેખાવાનો પ્રયત્ન કરનારા અથવા સુડોળ બોડી ધરાવતા પુરુષો કે અતિ સુંદર નારી જોઈને જ્યારે પોતાની પોસ્ટ તેમની સાથે કમ્પેર કરે છે ત્યારે તેઓ પણ હીન ભાવનાના શિકાર થાય છે.

## ઓનલાઈન તસવીરો

જો તમે કોઈ ઑફિસમાં કામ કરો છો. તમારી એક ડિસન્ટ વ્યક્તિ હોવાની છબી તમે બનાવી રાખી છે. તમે સોશિયલ મીડિયા પર તમારા પાર્ટનર સાથેના ઈન્ટીમેટ ફોટા, ઉટપટાંગ કપડાં પહેરેલી તસવીરો મૂકો તો તમારી ઈમેજ પર લોકો વિચારતાં તો થાય જ. ઉંમર પ્રમાણે અમુક વસ્તુ સારી લાગતી નથી હોતી કારણ કે આપણને તેની ટેવ નથી હોતી અને વિદેશીઓને જોઈને, ફિલ્મોમાં જોઈને કે વિદેશ જઈને આવ્યાં હોય તો તેની ઝલક દેખાડવાના ચક્કરમાં ક્યારેક આવું થઈ જતું હોય છે. આજકાલના સંબધો પાછા પહેલાંના સંબંધો જેવાં તો નથી હોતાં. આજે કોઈની સાથે ઈન્ટીમેટ ફોટા મૂક્યા અને કાલે ધારો કે બ્રેક અપ થઈ ગયો તો પછી શું? જો તમે કોઈ વાતથી દુઃખી હો અને એવી પોસ્ટ મૂકશો તો તમારે માટે લોકો સિંપથી વાળી પોસ્ટ મૂકશે. જો તમે ખુશહાલ હશો તો તે પ્રમાણેની અને જો તમે ક્યાંક મૂંઝવણમાં હશો તો લોકો તમને મદદ કરવા કે સલાહ આપવા પણ તૈયાર થઈ જશે. એટલે કહેવાનું માત્ર એટલું જ કે જે કંઈ પોસ્ટ મૂકો તે સમજી વિચારીને લિમિટમાં જ મૂકવી.

## એડિક્શન

બહુ સિરિયસ વાત કરીશ તો તમે બધાં કંટાળી જશો. થોડી રમૂજી વાત કરી લઉં. એક વાર એક ભાઈ તેમના પત્ની સાથે ફિલ્મ જોવા ગયા. થિયેટરમાં વારંવાર તેમનો મોબાઈલ 'પ્રિંગ, પ્રિંગ' કર્યા કરતો હતો તેથી પત્નીએ કહ્યું થોડી વાર માટે મોબાઈલ બંધ કરી દો. કહ્યાગરા પતિએ તેમ જ કર્યું. ફિલ્મ પૂરી થઈ અને બંને બહાર આવ્યાં. પત્નીને ગેટ પાસે ઊભી રાખીને ભાઈએ કહ્યું હું પાર્કિંગમાંથી સ્કૂટર લઈને આવું છું, તું અહીં જ ઊભી રહે. પાર્કિંગ સુધી પહોંચતાં પહોંચતાં ભાઈએ મોબાઈલ ચાલુ કરી દીધો. આટલા સમય સુધી બંધ રહેવાના કારણે 'પ્રિંગ, પ્રિંગ' અસીમિતપણે ચાલું રહ્યું. આટલા બધા મેસેજ જોતાં ભાઈ તો ભૂલી ગયાં કે તેઓ ક્યાં ઊભાં છે. લગભગ ૧૫ મિનિટ પછી મેસેજ જોઈ લીધા એટલે તેમણે સ્કૂટર ચાલુ કર્યું અને ઘેર પહોંચી ગયા. લગભગ ૧૫ મિનિટ પછી ઘરની ઘંટડી વાગી. દરવાજો ખૂલ્યો તો સામે ધૂવાંફૂવાં પત્નીને જોઈ પૂછવા લાગ્યા, તું ક્યાં ગઈ હતી? હવે આવા

સંજોગોમાં જો તમે પત્ની હો તો શું કરો? હું તો મોબાઈલ લઈને અડધી રાત્રે સાબરમતીમાં ફેંકી આવું.

### અસુરક્ષાનો ભાવ

ઘણીવાર એક કામકાજી મહિલા હોય, તેની ઈચ્છા હોય કે ન હોય, ગ્રૂપમાં હોય અને બધાંના ફોટા અપલોડ થયાં હોય ત્યાં તેનો એકાદ ફોટો તો આવી જ ગયો હોય. જો એ ફોટા ઑફિસના હોય અને કેટલાંક પુરુષોની વચ્ચે કે સાથે ફોટો અપલોડ થયો હોય ત્યારે પતિના મનના ખૂણામાં એકાદ વાર તો વાત આવે કે જો તેનો ફોટો સોશિયલ મીડિયામાં આવ્યો છે. જો તે સુંદર હોય તો પણ જલન થાય અને ઓછી સુંદર હોય તો પણ મનમાં કસક રહી જાય કે તેના કરતાં તેની સાથે કામ કરતી મહિલા વધુ સુંદર લાગે છે. વાત સાવ નાનકડી છે પરંતુ મહત્વની છે.

### ભગવાનને પણ ભૂલી ગયાં

આપણે જ્યારે નાનાં હતાં ત્યારે આપણને શીખવવામાં આવતું કે સવારે ઊઠીને બંને પગ જમીન પર મૂકી ધરતીમાંને પ્રણામ કરવા, બંને હાથેળીમાં દેવી લક્ષ્મીજી, દેવી સરસ્વતી અને ભગવાન નારાયણ ગોવિંદના દર્શન કરવા અને શ્લોક બોલવો – કરાગ્રે વસતે લક્ષ્મી, કર મધ્યે સરસ્વતી, કરમૂળે તું ગોવિંદ, પ્રભાતે કર દર્શનમ્. પરંતુ હવે તો કરાગ્રે વસતે મોબાઈલ, કર મધ્યે ચારજર, કરમૂળે તો હેન્ડ્સફ્રી, પ્રભાતે કર દર્શનમ્ એવું થઈ ગયું છે. અને ભગવાનને આપણે મોદી, યોગી, મમતા, માયા અને પપ્પુ દ્વારા રીપ્લેસ કરી દીધાં છે. ઉપરાંત સમજ્યા-વિચાર્યા વગર ગમે તે પોસ્ટને ‘આપણા’ને ફોર્વર્ડ કરવામાં જરાય વાર નથી કરતાં. કદાચ ચા કે કૉફી ન હોય તો ચાલે પણ મોબાઈલ ન હોય કે તે ચાર્જ ન થયો હોય તો ‘સવાર બગડી’ જાય. પોતાને ચાર્જ કરવા માટે મોબાઈલ હંમેશાં ચાર્જ રાખવો પડે છે.

### પર્સનલ પોસ્ટ ન કરો

સોશિયલ મીડિયા પર એવી પોસ્ટ અપલોડ કરવી જોઈએ જેના દ્વારા વાંચનાર કે જો વિડિયો હોય તો જોનારને તેના જીવનમાં કોઈ લાભ થાય. લોકોને અન્યની પર્સનલ લાઈફ સાથે કોઈ લેવા દેવા નથી હોતા. અને જો તેઓ ભૂલથી આવી પોસ્ટ લાઈક કરતાં હોય તો સમજી જવું કે તેઓ તમારી પોસ્ટ લાઈક કરવાની ‘રીટર્ન ગિફ્ટ’



એક્સપેક્ટ કરી રહ્યાં છે તેથી તેની મહેનત પણ તમારે કરવી પડશે.

## અન્યની પોસ્ટ પર ગુસ્સો નહીં

જો પાર્ટનરે કોઈ પોસ્ટ અપલોડ કરી અને તમને ન ગમી તો તે વિશે ઘરમાં વર્બલ ચર્ચા કરી લેવી. તેના માટે સોશિયલ મીડિયાના સ્ટેજનો ઉપયોગ ન કરવો. પોસ્ટ ડીલીટ કરવા કે સુધારવા માટે ફોર્સ પણ ન કરવો. દરેક વ્યક્તિ પોતાની વિવેકબુદ્ધિથી પોસ્ટ અપલોડ કરે છે. દરેકના પોઈન્ટ ઓફ વ્યૂ જુદાં હોય છે. તેથી જો કંઈ પસંદ ન પડે તો તેને ઈગ્નોર કરવું સૌથી સારું.

## થોડાં કારણો જોઈએ

દાખલા તરીકે ભારતમાં સસ્તાં મોબાઈલ મળવા લાગ્યાં, ડેટા પ્લાન સાવ સસ્તો, વિવિધ ભાષામાં ડેટાની ઉપલબ્ધિને કારણે સામાજિક રીતે મોબાઈલ કે સોશિયલ મીડિયાને લઈને અમીર-ગરીબનો તફાવત નહીંવત થઈ ગયો. એકંદરે જોઈએ તો કોવિડ-૧૯ દરમિયાન ડિજિટલ કનેક્ટિવિટી અને એક્સેસ દ્વારા લોકો પોતાના કાર્ય માટે કે સંબંધો જાળવવા માટે, એટલે સુધી કે કોઈ બીમાર હોય તો તેની ખબર પૂછવા કે કોઈને ત્યાં ખરખરો કરવો હોય તો તે બધાં કાર્યો ઓનલાઈન જ કરતાં રહ્યાં.



## માટીથી દૂર થયાં

ડિજિટલ અને સોશિયલ મીડિયાની સર્વવ્યાપકતાને કારણે બાળકો અને કિશોરોના જીવનમાં માતાપિતા, સગાંસંબંધીઓ, શિક્ષકો, વૈજ્ઞાનિકો, ડૉક્ટરો વગેરેની ભૂમિકા વિશે લોકો ચર્ચા કરતાં રહ્યાં. મોબાઈલના જન્મ પહેલાં સ્કૂલેથી આવીને બાળકો ઘરના આંગણે, આંગણું ન હોય તો રસ્તા પર કે પછી નજીકના ગ્રાઉન્ડમાં રમવા જતાં અને એકબીજા સાથે લડી-ઝઘડીને પણ રમતાં. તેમનો સીધો સંપર્ક માટી સાથે રહેતો. પરંતુ હવે તો ઑફિસેથી થાકીને આવેલાં માતાપિતાને થોડો 'મી – ટાઈમ' જોઈતો હોય તો અથવા કોઈ પાર્ટીમાં જવું હોય તો બાળકના હાથમાં મોબાઈલ પકડાવી દેતાં હોય છે. આવામાં એમની પાસે એવી અપેક્ષા રાખવી કે તેઓ પોતાના બાળકોને મોબાઈલથી દૂર કેવી રીતે રાખે એ વધારે પડતું નથી!? ઘણી યુવાન માતાઓ મેં જોઈ છે જેઓ બાળકને સુવડાવવા માટે મોબાઈલને જ કહે કે હવે હાલરડું ગાઈને બાળકને સુવડાવી દે. હદ છે...

થોડા સમય પહેલાં વોટ્સઅપ પર એક નાના બાળકનો વિડિયો વાઈરલ થયો હતો. તેની મમ્મીએ કહ્યું હતું, 'ખબરદાર જો તેં મોબાઈલને હાથ લગાવ્યો,' આમાં બાળક મોબાઈલ પોતાના પગના અંગુઠાથી સર્ફ કરતો દેખાયો હતો. હા...હા...!!!

એક વધુ વોટ્સઅપ પર આ વિષય પર કંઈક કવિતાના રુપે લખેલું આવ્યું તે પણ હું શેર કરવા માગીશ. આના કવિ કે લેખક વિશે જાણકારી નથી તેથી 'અજ્ઞાત' સમજવું. પરંતુ વાંચવું જરૂર ગમશે.

**એક સરસ મઝાનું ઘર,**
**એમાં વસે એક નારી અને નર,**
**એક બીજાને હસે હસાવે,**
**જીવે મસ્તીમાં દુનિયાથી રહે પર..!!**
**ત્યાં ઓચીંતું એક દિવસ,**
**હાથ લાગ્યું એક યંત્ર,**
**હવે ના કોઈ હસે, ના કોઈ રમે, છિન્નભીન્ન થયું ઘરનું તંત્ર,**
**ના કોઈ સાંભળે, ના કોઈ બોલાવે બસ રાત દિવસ,**
**જપે..મોબાઈલ મંત્ર..!!**
**રહે એક જ ઘરમાં તોય, જાણે જોજન અંતર,**
**દુનિયાના પળ પળની ખબર, દૂર થયા એકબીજાના અંતર,**
**લાગણી પ્રેમ મરતા રહ્યા, સંબંધોમાં વધતું રહ્યું અંતર..!!**
**એપ્સ ફેરવે, ટાઈપીંગ કરે, ઢગલાબંધ ઈમોજી મોકલ્યા કરે**
**આખો દિવસ જોયા કરે, અજાણ્યા ચહેરાને રિક્વેસ્ટ મોકલ્યા કરે,**
**એક બીજા સામે રમત રમ્યા કરે, ખોટે-ખોટું હસ્યા કરે,**
**હવે ના કોઈ હાસ્ય કે ના કોઈ કલરવ, ના કોઈ મસ્તી કે ના કોઈ ગુંજારવ.**
**બેટરી ખતમ થતી રહી.. સંબંધો ખોખલા થતા રહ્યા..!!**

### શું લાગે છે..? ચાર્જ કરવાની જરૂર કોને છે .. મોબાઈલને..કે સંબંધોને..?

ખરેખર ચાર્જ કરવાની જરૂર સંબંધોને છે, ઓબ્વિયસલી, મોબાઈલને નહીં...

આપણા દેશનો યુવા વર્ગ ૧૮થી ૨૪ વર્ષની વયના બ્રેકેટમાં આવે છે તેઓ સોશિયલ મીડિયા પર સૌથી વધુ સમય વીતાવે છે. આપણા યુવાઓ સોશિયલ મીડિયા પર કેટલા જોડાયેલા છે તેનો અંદાજ એ વાતથી લગાવી શકાય કે ફેસબુક પર દેશના ૯૭.૨ મિલિયન અને ઈન્સ્ટાગ્રામ પર ૬૯ મિલિયન ભારતીય યુઝર્સ છે જેમની ઉંમર ૧૮થી ૨૪ વર્ષ છે.

### ડિપ્રેશનનું મુખ્ય કારણ

યુનિસેફના એક રિપોર્ટ અનુસાર સોશિયલ મીડિયા પર વધુ સમય વીતાવતા ભારતના ૧૮થી ૨૪ વર્ષની વયના ૭માંથી એક વ્યક્તિ ડિપ્રેશન કે પછી કોઈ અન્ય મેંટલ ડિસોર્ડરથી પીડિત છે. દેશમાં કોઈ માનસિક બીમારી કે ડિપ્રેશનની વાત કરીએ તો તે લોકો સ્વીકાર કરતાં નથી, જોકે, આ વિશે લોકોને જાગૃત કરવાનું અભિયાન અનેક જગ્યાએ ચાલે છે.



### એલર્ટ રહેવું જરૂરી

સોશિયલ મીડિયા વિશે ભરપૂર જ્ઞાન હોવાનો દાવો કરનારા પણ ક્યારેક ઓનલાઈન ફ્રોડમાં ફસાઈ ચૂક્યાં છે. ફ્રોડ કરનારા એટલા સ્માર્ટ હોય છે કે તેઓ પકડાયા છે એવું ક્યાંય સમાચારોમાં આવ્યું નથી. જો તમને તમારા સોશિયલ મીડિયા કે ડિજિટલ નેટવર્કિંગના જ્ઞાન પર વધુ પડતો વિશ્વાસ હોય કે તમે ગૂગલ પરથી કોઈપણ બેંકનો કે અન્ય એવી કોઈ સંસ્થાનો કસ્ટમર કેર નંબર શોધીને તેને ફરિયાદ કરી શકશો તો આ વિશ્વાસને 'ઓવર કોન્ફિડન્સ' જ કહેવાય. અનેક ખોટા નંબરો પર પોતાની ખાનગી જાણકારી આપીને ખૂબ બધા રૂપિયાનું નુકસાન અનેક લોકો વેઠી ચૂક્યાં છે. અને આ કારણે પણ વ્યક્તિએ ડિપ્રેસ થવા કરતાં એલર્ટ રહેવાની વધુ જરૂર જણાય છે.

### ઉપાય શો કરવો?

હેલ્થ મેગેઝિન હેલ્થલાઈને સોશિયલ મીડિયાના એડિક્શનથી બચવા માટેના કેટલાક નૂસ્ખા બતાવ્યા છે. તે સાથે તેના ઓવરયૂઝના જોખમો પણ બતાવ્યા છે. તો ચાલો થોડું જાણીએ

આપણે આને ડિજિટલ ડિટોક્સ કહીશું. જો ડિજિટલી ડિટોક્સ થવું હોય તો સોશિયલ મીડિયાનો ઉપયોગ મોબાઈલ પર નહીં પરંતુ કમ્પ્યૂટર પર કરવો. મોબાઈલમાં હોય તો તેની એપ પર જઈને નોટિફિકેશન ઑફ કરી દો જેથી તેની બીપ વારંવાર સંભળાશે નહીં. આમ તમે તમારા મોબાઈલને વારંવાર ચેક કરવાથી બચી જશો અને અન્ય કામમાં તમારું મન લાગેલું રહેશે.

સોશિયલ મીડિયા પર જવાનો એક સમય નિર્ધારિત કરી દેવો અને તેટલા સમય માટે જ તેનો ઉપયોગ કરવો. આમ કરવાથી તમારા અન્ય કામો લટકી નહીં પડે.

જ્યારે કોઈ મિત્રને મેસેજ કરવાની ઈચ્છા થાય ત્યારે મેસેજ મોકલવા કરતાં (જો શહેરમાં જ હોય તો) તેને રૂબરૂ મળવા જવાનું રાખો. અને અન્ય શહેરમાં હોય તો ફોન કરી વાત જ કરી લો. કોઈ નવી હોબી શરૂ કરો અથવા અત્યાર સુધીમાં ભૂલાઈ ગયેલી હોબીને જીવંત કરો જેમાં તલ્લીન થવાથી થોડી વાર માટે મોબાઈલથી દૂર રહેશો.

દિવસ દરમિયાન નાસ્તો, લંચ અને ડીનર વખતે પરિવાર સાથે બેસવાનું રાખો અને નિયમ બનાવો કે એટલો સમય દરેકના ફોન સાઈલન્ટ પર હશે માત્ર જો કોઈ ડૉક્ટર હશે કે કોઈ ઈમર્જન્સી હશે તે જ ફોન ઉપાડશે કે જોશે નહીં તો મોબાઈલ બંધ.

જો તમે વિદ્યાર્થીકાળમાં હો તો નવું નવું વાંચવાનું રાખો, લાઈબ્રેરીમાં જાઓ પરંતુ તે પુસ્તક રૂપે વાંચવું, મોબાઈલમાં નહીં. જો તમે ઘરમાં રહેવાના હો અને છોકરો હોવ કે છોકરી, મમ્મીને રસોડામાં મદદ જરૂર કરી શકશો. એમાં મજા પણ આવશે.

કોઈપણ મેસેજ કે વીડિયો આવ્યો હોય તેની ઉપર ૧૦૦



ટકા વિશ્વાસ કરીને અથવા ફેક્ટચેક કર્યા વગર ફોર્વર્ડ ન કરવા. દરેકના થોટપ્રોસેસ જુદાં હોય છે. તેથી ક્યારેક અન્ય તેને જુદી રીતે પણ લઈ શકે. અથવા કોઈ એવો મેસેજ હોય જેના કારણે ક્યાંક ગેરસમજ પણ ઊભી થઈ શકે છે.

તમે તમારા સ્વાસ્થ્યને સારું રાખવા માટેની અનેક પોસ્ટ જોતાં હશો. તેમાંય કોરોનાકાળ દરમિયાન તો દર ૧૦ પોસ્ટમાંથી ૯ પોસ્ટ ધ્યાન, યોગાસન, પૌષ્ટિક ભોજન, ગુસ્સો ન કરવો, હળીમળીને રહેવું, ઘરમાં કામકાજમાં સહકાર આપવો વગેરે પર જ હતી. આવી પોસ્ટને માત્ર વાંચીને આગળ ન જવા દેવી. સાચા અર્થમાં કાઢો પીવાથી, યોગાસન અને ધ્યાન કરવાથી તમારા જ શરીરને ફાયદો થશે. આ માટે તમે જેટલો સમય ધ્યાન, યોગાસન અને કાઢો બનાવવામાં ગાળશો તેટલો સમય સોશિયલ મીડિયાથી દૂર રહેશો.

જો તમારી પાસે ખરેખર સમય હોય અને સોશિયલ મીડિયામાં તે સમય વીતાવતાં હો તો તેના બદલે કોઈ સરસ એનજીઓ જોઈન કરી લો. લોકોની મદદ કરીને તમને ખરેખર ખૂબ સારું લાગશે.

## નિષ્કર્ષ

સોશિયલ મીડિયાને ડિજિટલ પ્લેટફોર્મ પણ કહેવાય છે. અહીં વ્યક્તિ પોતાના ફોટા, વિચારો, જીવનમાં ઘટેલી ઘટનાઓ વગેરે શેર કરી શકો છો. પરંતુ સોશિયલ મીડિયાનો ઉપયોગ બજારના રૂપમાં પણ થાય છે જેના દ્વારા ખરીદ-વેચાણ પણ કરી શકાય છે. આનો ઉપયોગ સમજી વિચારીને થોડા સમય માટે કરો તો તો સારું છે પરંતુ જો લત લાગી જાય તો – પેલું કહે છે ને – 'અતિ પરિચયાત અવજ્ઞા' – કોઈ પણ વસ્તુનો અતિરેક હંમેશાં નુકસાન જ કરે છે. વધુ પડતો સોશિયલ નેટવર્કનો ઉપયોગ તમને એટલાં એકલાં પાડી દેશે કે ક્યારેક તમે ડિપ્રેશનમાં ડૂબી જશો. કારણ કે એકલા રહેવાથી વ્યક્તિ ફરીથી સમાજમાં એક્ટિવ થવાનો આત્મવિશ્વાસ ગુમાવી દે છે અને તેનાથી તમારા મનમાં 'લોકો મારી સાથે બોલશે કે નહીં, હું બધાની સાથે ફરી હળીમળી શકીશ કે નહીં, હું વ્યવસ્થિત રીતે બોલી શકીશ કે નહીં' આવા વિચારોના વમળો ચાલુ થઈ જશે.

તેથી હોંશિયાર રહો અને સોશિયલ મીડિયાનો ઉપયોગ સ્માર્ટ રીતે કરો.



સુધા મૂર્તિ
ચેરપર્સન, ઈન્ફોસિસ ફાઉન્ડેશન, બેંગલુરૂ
ભાવાનુવાદ સોનલ મોદી

# જેવા ગ્રાહક તેવા ભાવ !

મને બે ત્રણ દિવસ પહેલાં જ સમાચાર મળ્યા હતા કે મારી બહેનપણી સપના ઘણા દિવસથી માંદી છે અને છેલ્લા અઠવાડિયાથી તો હોસ્પિટલમાં છે. ‘આજે તો ગમે ત્યાંથી સમય કાઢીને સપનાની ખબર કાઢવા જવું જ છે.’ મેં મનોમન નક્કી કર્યું.

કોઈની ખબર કાઢવા જઈએ તો સંતરામોસંબી કે ફૂલનો બુકે લઇ જઈએ તો સારું લાગે. ફૂલને કારણે દર્દીનો રૂમ જીવંત લાગે, વાતાવરણ તાજગીભર્યું લાગે. તે દિવસે ઓફિસથી સીધા જ મેં સપનાની ખબર કાઢવા જવાનું નક્કી કર્યું.

ઘણા વખતથી મેં બજારમાં જવાનું લગભગ બંધ કરી દીધું છે. મારા ઘરની બધી જ રોજિંદી ખરીદી મારાં બા અથવા મારી મોટી બહેન કરે છે. આજે મેં અમારી ઓફિસના આસિસ્ટન્ટ રમેશને જોડે લીધો અને રસ્તામાંથી જ કોઈ સારી દુકાનમાંથી ફ્રુટ –ફ્લાવર્સ લઈને હોસ્પિટલ જવું, તેમ નક્કી કર્યું.રમેશ બેંગ્લોરનો ભોમિયો છે અને કઈ ચીજ ક્યાં વાજબી ભાવે મળે છે, તેની તેને બરોબર ખબર. મને કહે, ‘બહેન, હોસ્પિટલ જતાં રસ્તામાં જ શોપિંગ સેન્ટર આવે છે, ત્યાં સારી દુકાનો આવે છે, ત્યાંથી તમારે જોઈતી ચીજવસ્તુઓ લઇ લેજો.’

માર્ચ મહિનો એટલે બેંગ્લોરમાં બરોબરની ગરમીનો મહિનો. હું પરસેવે રેબઝેબ હતી. સવારથી પહેરેલી કોટન સાડી તદ્દન ચોળાઈ ગઈ હતી અને અંબોડો પણ છૂટી ગયો હતો. રમેશે ગાડી શોપિંગ કોમ્પ્લેક્ષ નજીક ઊભી રાખી. મેં



વિચાર્યું, 'સપના માટે મારે જાતે જ જોઇને સારાં ફ્રુટ લેવાં જોઈએ.

મેં રમેશને મારી સાથે ઊતરવાની 'ના' પાડી અને ગાડીમાં જ રાહ જોવાનું કહ્યું. કોમ્પ્લેક્સમાં જાતજાતની દુકાનો હતી, પણ આઈસક્રીમની દુકાને સૌથી વધુ ભીડ હતી. ગરમી પણ ખૂબ હતી ને !

હું એક સરસ, મોટી દુકાનની સામે ઊભી રહી. ફૂલો, ફળો અને જાતજાતનાં પ્રસંગોચિત કાર્ડ્ઝ.

વિવિધરંગી તાજાં ફૂલો સુંદર રીતે ગોઠવેલાં બુકે, જાતજાતની ફ્લાવર બાસ્કેટ્સ..... જોઇને જ દિલ બાગબાગ થઇ ગયું. બેંગ્લોરનાં ફૂલ સમગ્ર દેશમાં વખણાય છે, ઊડીને આંખે વળગે તેવાં પીળચટ્ટાં સેવંતી, સુગંધીદાર શ્વેત રજનીગંધા, લાલગુલાબીપીળાં ઈંગ્લીશ ગુલાબ, અધબિડાયેલ ગ્લેડીયોલી બસ. દિલ ખુશ થઇ ગયું. ઘણા વખતે મેં કોઈ દુકાનમાં પગ મૂક્યો હતો. હું તો ત્યાં જડાઈ જ ગઈ. ફૂલ પાસેથી ખસવાનું મન ન થાય. બાગમાંથી જાણે તાજાં જ ચૂંટીને અહીં ગોઠવી ન દીધાં હોય તેમ લાગતું હતું.



બીજી તરફ જાતજાતનાં ફળો ગોઠવેલાં હતાં. બિજાપુરની દ્રાક્ષ, અલ્હાબાદના જામફળ, નાગપૂરી સંતરાં અને રત્નાગિરી આફૂસ. બેંગ્લોરમાં દરેક સીઝનમાં લગભગ બધાં જ ફળો મળે છે.શું લેવું ને શું ના લેવું ? હું દ્વિધામાં પડી ગઈ. મેં દુકાનદારને પૂછ્યું, 'ભાઈ, આ ગુલાબી રંગનાં ગુલાબ કેમ આપ્યાં ?' અધખૂલી ગુલાબી કળીઓ અત્યંત મનમોહક લાગતી હતી.

દુકાનદારે મારો પ્રશ્ન બરોબર સાંભળ્યો પણ જવાબ આપવાની તસ્દી ના લીધી. મેં ફરી પૂછ્યું, 'ભાઈ, આ ગુલાબનું શું છે?

મોં પર તિરસ્કાર અને કંટાળાના ભાવ સાથે તેણે જવાબ આપ્યો, 'તમને નહીં પોસાય. એક ગુલાબના પાંચ રૂપિયા. આમાં વીસ ગુલાબ છે. સો રૂપિયા થશે.'

મને જાણે કરંટ લાગ્યો. 'હાય... હાય.... ભાવો આટલા બધા વધી ગયા ! મારે હવે વાર-તહેવારે બજારમાં નીકળવું જોઈએ ! મારી દશા એન.આર.આઈ. જેવી થઇ ગઈ. જૂના ભાવો જ ખબર હોય. નવા ભાવ સાંભળીને છાતી બેસી જાય. મને થયું, 'ચાલ કેરીનો ભાવ પણ પૂછી જ લઉં.નવી-નવી કેરી છે. આટલાં મોંઘા ગુલાબ લેવા એના કરતાં તો કેરી લઇ જવી સારી.' મેં રત્નાગિરિ આફૂસ તરફ આંગળી ચીંધી, 'ભાઈ, આ કેરીનો ભાવ જરા કહેશો?'

દુકાનદારે ગુસ્સામાં, કંઇક નફિકરાઈથી કહ્યું, 'અઢીસો રૂપિયે કિલો.' બાજુમાં જ તેનો આસિસ્ટન્ટ જેવો છોકરો ઊભો હતો. તેને મારવાડી ભાષામાં કહે, 'આ જોને યાર, હાલ્યા આવે છે ! આફૂસ કેરીના ભાવ પૂછે છે. લેવું કરવું નહીં ને ખાલીખોટો ટાઇમ બગાડે છે. ખરેખર લેનારા હોય તે ભાવ પૂછે ખરા ? ખોટું માથું ખાય છે.' (એને મનમાં એમ કે મને કંઈ સમજણ પડી નથી.)

એટલામાં જ ગાડીમાંના તાપથી કંટાળીને રમેશ દુકાન પાસે આવી પહોંચ્યો. મારા હાથ ખાલી જોઇને તેણે સીધા જ દુકાનદારે ગુલાબ અને આફૂસના ભાવ પૂછ્યા.

રમેશ દેખાવડો, ઊંચો અને હેન્ડસમ છે. કંપનીના લોગોવાળું ટી-શર્ટ પહેરે અને ગળામાં કંપનીનું આઈડેન્ટીટી કાર્ડ ચેઈનથી લટકાવેલું જ રાખે છે. બેંગ્લોરમાં મોટા ભાગની આઈ.ટી. કંપનીઓ પોતાના સ્ટાફને આવો ગણવેશ આપે છે અને આગ્રહ રાખે છે કે બધા જ લેવલના માણસો સરખો જ ડ્રેસ પહેરે. આને કારણે સ્ટાફમાં કંપની પ્રત્યે વફાદારી અને માલિકીપણાની ભાવના આવે છે.

દુકાનદારે પહેલાં રમેશ તરફ જોયું, પછી ટી-શર્ટ અને આઈડેન્ટીટી કાર્ડ તરફ ધારીધારીને જોયું. એકદમ જ એમની આંખમાં ચમક આવી ગઈ. અવાજનો રણકો જ બદલાઈ ગયો. 'આવો ને સાહેબ... તમારે તે કાંઇ ભાવ પૂછવાનો

હોય ! આ ગુલાબ દોઢસો રૂપિયાના (૨૦ નંગ) અને આફૂસ તો ફક્ત ત્રણસો રૂપિયે કિલો. સાહેબ, આખા બેંગ્લોરમાં તમને આ ગુલાબ બસોથી ઓછા ભાવે નહીં મળે અને આફૂસ તો હજુ ક્યાંય જોવા જ નહીં મળે. આ તો સાહેબ, તમારે માટે જ ''સ્પેશિયલ'' ભાવ છે, હોં કે, અલ્યા એ...કે, (આસિસ્ટન્ટને) સાહેબને માટે ખુરશી તો લાય. ઠોયાની માફક જોયા કરે છે. સાહેબ, ઠંડુ લેશો ?'

રમેશ કંઈ બોલે એ પહેલાં મારાથી બોલાઈ ગયું, 'ભાઈ, તમે હમણાં તો મને આ ૨૦ નંગ ગુલાબના સો રૂપિયા કહ્યા અને કેરીના અઢીસો.એકાએક ભાવ ચઢી ગયા !'

દુકાનદાર એકદમ જ ચિડાઈ ગયો. ઊંચા સાદે બોલવા લાગ્યો, 'બહેન, તમે માથું ખાવ મા ને ! પોસાતું ના હોય તો આઘાં રહો ને. ધંધાને ટાઈમે આવાં ને આવાં ક્યાંથી નીકળી પડતાં હશે ?' રમેશ તરફ જોઇને કહે, 'આ ભાઈ તો મોટી સોફ્ટવેર કંપનીમાં કામ કરે છે (તેના ટી-શર્ટ પર ઈન્ફોસિસનો લોગો હતો). એમને તો બધું પોસાય. કદીયે ભાવ ન કરે. બસ, વસ્તુ સારી જોઈએ. તમારા જેવા તો બસ ટેમ પાસ કરવા નીકળી પડે છે.'

રમેશ દુકાનદારને કંઈક કહેવા ગયો, પણ મેં તેને રોક્યો. તે કદાચ કહેવા માંગતો હશે કે જે કંપનીમાં હું નોકરી કરું છું તેના સૌથી મોટા શેરહોલ્ડર આ પરસેવે રેબઝેબ, ચોળાયેલી કોટન સાડીવાળાં

બહેન છે.

મેં સાંભળ્યું હતું કે બેંગ્લોરમાં જમીનોના દલાલો, મેરેજબ્યૂરોવાળાઓ, ફ્લેટ કે જમીન વેચવા ઈચ્છતા લોકો અને નોકરીના કન્સલ્ટન્ટો 'સોફ્ટવેરવાળાઓ' માટે જુદા ભાવો રાખે છે. બસ લૂંટવાની જ વાત ! પણ ફૂલફળ અને શાકભાજી જેવી રોજિંદી ચીજવસ્તુઓમાં પણ ડિજિટલ ભાવો!?

મેં દુકાનદારને ધીરે રહી પૂછ્યું, 'હેં ભાઈ, સાચું કહેજે, '' સોફ્ટવેર કંપનીવાળા'' માટે તમારા ભાવો જુદા અને ''અમારા જેવા'' સામાન્ય માણસો માટે જુદા હોય છે ?'

દુકાનવાળો તરત જ કહે, 'હાસ્તો બહેન. તમે નહીં માનો, પણ મારી દીકરીનું નક્કી કર્યું ત્યારે સામેવાળાએ કહી જ દીધું કે છોકરો આઈ. ટી. કંપનીમાં પટાવાળો છે એટલે દહેજ બે લાખ થશે. મંજૂર હોય તો જ આગળ વધજો અને એમાં ખોટુંય શું છે ? ''એમના'' પગારોયે એવાં હોય છે ને ! હું આ ભાઈ (રમેશ) પાસે પચાસ સો વધારે લઉં એમાં ખોટુંય શું છે ?'

હું તો નવાઈ જ પામી ગઈ. દુનિયાનાં ગણિત કેવાં હોય છે ! ગમે ત્યાંથી જવાબ આવી જ જવો જોઈએ.



વિપુલભાઈ સાચપરા
ટીમ સરદારધામ-સુરત

# યુવા ધન
# એ જ દેશની મૂડી છે...
# આપો માર્ગદર્શન કોરી હુંડી છે.....

જીવનમા સુખ-સગવડોને પ્રાપ્ત કરવા માટે વપરાતી સંપતિને ધન તરીકે ઓળખવામાં આવે છે. તેવી જ રીતે દેશની પ્રગતિ- સુખ- શાંતિ અને સલામતીમાં યુવા વર્ગની આગવી ભૂમિકા હોવાથી યુવા વર્ગને યુવાધન તરીકે નવાજવામાં આવે છે. તેથી દેશની ધરોહર સમાન યુવાધન સક્ષમ, સબળ, સક્રિય અને સજાગ હોય એ એટલું જ અનિવાર્ય છે. પણ વર્તમાન સંજોગોમાં આપણે સૌ અનુભવી રહ્યા છીએ કે યુવાધનની દશા અને દિશા બેય બદલાઇ રહ્યાં છે. જે સમાજ અને દેશ માટે ચિંતાનો વિષય છે.

સુરતના પાસોદરા વિસ્તારમાં બનેલી તાજી ઘટનાએ ફક્ત સુરત શહેર જ નહીં પણ તમામ દેશને ઝંઝોળી નાંખ્યો છે. સમાજમાં ઘટેલી આ ઘટના બાદ લોકોએ ઉઠાવેલ સવાલો એ મને આ વિષય પર લખવા પ્રેરિત કર્યો છે.

સુરતની આ ઘટના વિશે સોશિયલ મીડિયા, પ્રિન્ટ મીડિયા, ટીવી ચેનલો, સમાજની સંસ્થાઓએ ઘણું ઘણું કહ્યું



છે. ત્યારે સવાલ એટલો જ ઉદભવે કે શું એક યુવાનના ગુનાહિત માનસવાળા કૃત્ય માટે તમે તમામ યુવાનોને ગુનેગાર ઠેરાવશો? જો ના તો એક ઘટના બાદ દેશના તમામ યુવાનોને સલાહ કેમ? આખા સમાજ તરફ આંગળી કેમ? એક જ ઘરમાં રહેતા ૪ ભાઇ-બહેનોના માનસમાં પણ જ્યારે ફેરફાર જોવા મળતો હોય તો સમાજના એક વ્યક્તિના કૃત્ય માટે તમે પુરા સમાજને ગુનેગાર ગણશો? જો જવાબ ના હોયતો દેશના એક જવાબદાર નાગરિક તરીકે ઘટેલી ઘટનાના કારણો શોધવા અને તે કારણો ન ઉદભવે તે જોવાની જવાબદારી આપણા સૌની છે. ત્યારે આજના યુવાનોમાં ઉદભવેલ ગુનાહિત માનસ માટે કેટલાક કારણો જાણવા મળેલ છે.

### વિધાર્થીઓને ઓનલાઈન શિક્ષણના નામે મોબાઈલ વાપરવાની મળેલી છૂટ

કોરોના કાળમાં લોકડાઉન આવ્યું. બધું બંધ થયું. એની સાથે શૈક્ષણિક સંસ્થાઓ પણ બંધ થઈ. સાથે એક નવો પ્રયોગ શરૂ થયો. તે પ્રયોગ હતો ઓનલાઇન શિક્ષણનો. જે બાળકોને સામાન્ય ફોન વાપરવા માટેની પણ છૂટ નહોતી તે સ્માર્ટ ફોન વાપરતાં થયાં. આ વયજૂથ એટલે કે ૧૦ થી ૧૭ વર્ષની વયનાં બાળકોને એના કારણે શિક્ષણ કેટલું મળ્યું તે અલગ વિષય છે પણ ૧૦થી ૧૭ વર્ષની વય જૂથના બાળકોને મોબાઈલ વાપરવાની ઘણી મોટી કિંમત ચૂકવવી પડી એવું બનવાની નોબત આવીને ઊભી રહી છે. ધીમે ધીમે ભણવા માટે એમના જીવનમાં પ્રવેશેલ મોબાઈલ હવે એક લત એટલે કે વ્યસન બનીને ચિંતાનું કારણ બન્યો છે. અનેક બાળકો તેમની જિંદગીના અમૂલ્ય કલાકો મોબાઈલ પર જ વિતાવે છે. આ કારણથી કેટલાક પોતાના રૂમમાં પૂરાઈ રહીને એકલવાયું જીવન ગાળતા થયા છે. યુટ્યુબ, ફેસબુક કે અન્ય કોઈ વીડીયો પ્લેટફોર્મ પર ફિલ્મ કે વેબસિરીઝ જોવાની અને વીડિયો ગેમ્સ રમવાની લત લાગી ગઈ છે. ઓનલાઇન શિક્ષણ પાછળ માત્ર એક કે દોઢ કલાક વપરાતો હશે પણ આઠથી દસ કલાક બાળક મોબાઇલ ફોનને વળગેલું રહે છે.શાળાઓ ખુલશે તો પણ બાળકોને આ ઘરેડમાંથી બહાર આવતાં કેટલો સમય લાગશે તે કલ્પનાનો વિષય છે. બાળકોને મોબાઇલની આ લતમાંથી છોડાવવાં હશે તો સૌથી પહેલાં તો મા-બાપોએ જાગવું પડશે.

### ઈન્ટરનેટનો દુરુપયોગ

કોરોનાની પરિસ્થિતિને કારણે યુવાનોને મોબાઇલના દુરૂપયોગનું મોકળું મેદાન મળ્યું. જેના લીધે યુવાધન ઓનલાઇન જુગાર, સેક્સી વીડિયો, હિંસક ગેમોના રવાડે ચઢ્યું. આજના આધુનિક ટેકનોલોજીના યુગમાં ઈન્ટરનેટ સૌથી મોટું ભયંકર અને નુકસાનકર્તા પરિબળ ગણી શકાય, ઈન્ટરનેટનો દુરુપયોગ યુવાનોની શક્તિ અને મનોબળ નબળા બનાવી દેવાનું કામ કરે છે. આજના સમયે ઈન્ટરનેટ પરથી યોગ્ય માહિતી અને જ્ઞાન મેળવવાને બદલે તેનો દુરુપયોગ વધારે થાય છે, અને તેમાં પણ વોટસએપ, ફેસબુક, ટ્વિટર જેવા સોશિયલ મીડિયાના કારણે યુવાનો પર ઘણી નકારાત્મક અસર પડી છે. મિત્રો કે પરીવાર સાથે હળીમળીને વિચારોનું આદાનપ્રદાન કરવાને બદલે આજે તો ફેસબુક, વોટસએપ જેવા માધ્યમોથી જોડાયેલા હોય છે, જે કેટલીકવાર માનસિક વિકૃતિ પેદા કરે છે.

### કુટેવ મિત્રોની સંગત

આજકાલ માતા-પિતાને એક મોટી ચિંતા સતાવી રહી છે કે તેમનાં બાળકો જેમની સાથે ફરે છે અથવા તો જેની સાથે ઊઠવા-બેસવાના સંબંધો છે તે સંગત સારી છે કે નહીં. કારણકે કુસંગત તેમની કારકિર્દી માટે ખતરારૂપ છે. સામાન્ય રીતે તો બાળકોને કુસંગતથી બચાવી શકાય છે, પણ સત્ય એ છે કે મોટા અને સમજુ લોકો પણ કુસંગતનો ભોગ બની જાય છે. ખરાબ વ્યક્તિ, ગુનેગાર અને ખોટા આચરણવાળાની સંગત સજ્જન વ્યક્તિને પણ સરળતાથી બરબાદ કરી નાખે છે. સારી સંગત આપણા સારા વિચારોને પ્રોત્સાહન અને ખરાબ વિચારોને જાકારો આપે છે. ગ્રંથોમાં જ્ઞાનીઓ દ્વારા કહેવાયું છે કે ખરાબ સંગત કરતાં એકલા રહેવું વધુ સારું છે.

### પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ

આધુનિક યુગમાં વિજ્ઞાનના નવા આવિષ્કાર પામેલા ઉપકરણોના માધ્યમ થકી પશ્ચિમી સંસ્કૃતિમાં ઓતપ્રોત થયેલો યુવાવર્ગ આપણી સંસ્કૃતિને વિસરી રહ્યો છે અને તેને કારણે તે સમાજનું જતન કરવાને બદલે તેમાં અવનવી મુશ્કેલીઓનું નિર્માણ કરી રહ્યો છે. બાળકોનું ધૂળ- માટીમાં રમવાનું બાળપણ છીનવાઈ રહ્યું છે. વ્યવહારિક દુનિયાથી

દૂર થતાં જઈને વર્ચ્યુઅલ વર્લ્ડ તરફ બધા પ્રયાણ કરી રહ્યા છે, જ્યાં ના કોઈ નૈતિક મૂલ્યોની કિંમત છે કે ના માણસાઈના ગુણ.

## સ્વતંત્રતાના નામે સ્વચ્છંદતા

થોડા વર્ષો પહેલા સ્કૂલે જતું બાળક ગામમાં જાહેરમાં રમત રમતા હોય અને પોતાના સ્કૂલના શિક્ષક નિકળતા તો બાળકો સંતાઇ જતાં. બાળક હોમ વર્ક કરીને ન લાવ્યા હોય તો શિક્ષક માર મારતા....પરંતુ સમય જતા બાળકના વાલીઓ જ પોતાના સંતાનોનું ઉપરાણું લઇને સ્કૂલે જતા થયા અને શિક્ષકોને ધમકાવતા થયાં એના પરિણામે શિક્ષકો પણ પોતાના કામથી મતલબ રાખવા લાગ્યા અને બાળકોને સજા કે શિક્ષા કરવાનું સદંતર બંધ કર્યુ...એનાથી આજે એવી પરિસ્થિતિનું  નિર્માણ થયું કે આજે કોઈપણ બાળક પોતાના શિક્ષકથી સહેજ પણ ડરતું નથી અને એનું જે રીતે ઘડતર થવું જોઈએ એના બદલે એકદમ સ્વચ્છંદી રીતે ઉછેર થઇ રહ્યો છે...

## નશીલા પદાર્થોનું સેવન

આજે દેશની સાચી સંપત્તિ ગણાતું યુવાધન આઝાદ ભારતમાં વ્યસનોનું ગુલામ બની ઊધઇ ખાધેલા ઇંધણ જેવી પરિસ્થિતિ ધરાવે છે. શું આ આપણા સૌ માટે ચિંતાનો વિષય નથી? આજના ઘણાખરા યુવાનોની સવારની શરૂઆત તમાકુ,મસાલા,ગુટખા કે બીડી-સિગારેટના સેવનથી થાય છે. આજનો યુવાવર્ગ વ્યસનોની ભયાનકતાને જાણતો હોવા છતાં પણ અજાણ બનીને દરેક ક્ષણે નશામાં ચકચૂર બની પોતાની મહામૂલી કાયામાં ધીમું ઝેર રેડી રહ્યો છે અને પોતાની જાતને અશક્ત, આળસુ અને અનિયમિત બનાવી પોતે જ પોતાનો દુશ્મન બનીને ન ફક્ત પોતાની જાત સાથે પણ કુટુંબ,સમાજ અને દેશ સાથે પણ દગો કરી રહ્યો છે.

આપણા દેશમાં ઔષધીય દુકાનો કરતાં અનેક ગણી ધીમા ઝેર રૂપી પાન-બીડી,તમાકુ,ગુટખાનું વેચાણ કરતી હાટડીઓ અસ્તિત્વ ધરાવે છે અને યુવાનો ત્યાં હરખથી પૈસાનું પાણી કરી ધીમા ઝેરને આરોગે છે. દારૂના સેવનને અમીરીની ઓળખ માની ચૂકેલા નબીરાઓ દારૂ પાછળ પોતાની કમાણીનો મોટો હિસ્સો ખર્ચી નાખે છે. મા-બાપની ઘડપણની લાકડી બનનાર યુવાન વ્યસનો થકી પોતે જ અકાળે વૃદ્ધ બની કે મોતને ભેટી મા-બાપના અરમાનોને ધૂળધાણી કરી નાખી મા-બાપનું ઘડપણ બગાડે છે.

## આજની યુવાપેઢીમાં વધેલું ગુન્હાખોરીનું પ્રમાણ

વિભક્ત કુટુંબો , મા-બાપની વધુ પડતી આળ-પંપાળ, ડ્રગ્સ અને પોર્નોગ્રાફી ફિલ્મો જેવા દૂષણોને લીધે યુવા પેઢીમાં દિવસે ને દિવસે હિંસા અને ગુનાઓ વધી રહ્યાં છે. જેને લીધે યુવા વર્ગ બરબાદ થઈ રહ્યો છે.રાજ્યમાં વધતી ગુન્હાખોરી વધવાનું એક માનસિક કારણ છે મોબાઈલ. હા, લોકો મોબાઈલ દ્વારા એટલી બધી વિકૃતિઓ જોયા રાખે છે કે પછી તે વસ્તુઓ હત્યા, બળાત્કાર, છેડતી, લૂંટ





વગેરેમાં પરિણમે છે.. તેમજ ઘણો યુવાવર્ગ દારૂ અને ધૂમ બાઇક ચલાવવાના રવાડે ચડે છે. ઉપરાંત પબજી જેવી ગેમો યુવા વર્ગને આળસુ અને નક્કામી બનાવી રહી છે. ફાટેલા વસ્ત્રો આજે ફેશન થઈ રહ્યા છે. સમાજમાં ગુન્હાખોરી એટલી હદે વધી ગઈ છે પોલીસ શું કરે છે કે સરકાર શું કરે છે ફક્ત એવું બોલવા કરતા સમાજે તથા દરેક વ્યક્તિએ પોતાના ઘરમાં સુધારો લાવવાની જરૂર છે.

**કેળવણીની કમી ને લીધે શું કરવું શું ના કરવું એ સમજણનો અભાવ**

આપણી શિક્ષણ વ્યવસ્થા શિક્ષિત બેરોજગાર કે પાંચ, દસ કે પંદર હજારના પગારદાર પેદા કરતી ફેક્ટરી છે. જ્યારે આજના યુવાનને એવા શિક્ષણની જરૂર છે જે વ્યાવહારિક શિક્ષણ આપી શકે. દરેક પરિસ્થિતિમાં સામનો કરતા શીખવે. સમજણ શીખવે. માનવતાના પાઠ શીખવી શકે. માનવ જીવનનું મહત્વ સમજાવી શકે અને જો એમ નહીં થાય તો માણસો એકબીજાના અંદર અંદર દુશ્મન બનીને સમગ્ર દેશને નુકસાનકર્તા થઈ શકે છે.

**રોકવાનો ઉપાય, સાવ તો રોકી ના શકાય પરંતુ પ્રમાણ ઓછું કરી શકાય.**

કુટુંબ, સમાજ અને દેશના વિકાસમાં અવરોધક આ પરિબળોને પરાસ્ત કરવા યુવાનોએ જાગૃત થવાની તાતી જરૂરિયાત છે. વખત વહી જાય તે પહેલાં યુવાનોએ પોતાની દિશા અને દશા બદલી વર્તમાન તેમજ આવનાર પેઢીના સાચા માર્ગદર્શક બનવાની જરૂરિયાત છે.

"ભાઇ ને કોઈ કાંઇ કેતા નહીં....ભાઇ નકામું કાંઇક આડું અવળું પગલું ભરી લેશે તો ? "

આવી માનસિકતા મોટાભાગના વાલીઓની છે એના લીધે જ આજના ઘણા બધા લબરમુછીયા યુવાનો ગુનાખોરી તરફ વળ્યા છે. જાગૃત નાગરિકો તરીકે આપણાં સહુની જવાબદારી છે કે યુવા શક્તિને યોગ્ય માર્ગ અને યોગ્ય દિશા તરફ વાળીએ નહીં તો ભવિષ્યમાં આવનાર પેઢીને નુકસાનીથી કોઈ નહીં બચાવી શકે અને તેના જવાબદાર આપણે હોઈશું. પરિસ્થિતિ કાબૂ બહાર જાય તે પહેલાં મા-બાપે જાગવાની જરૂર છે. તેને માટે તમારા બાળકના મિત્રો વિશે જાણો. તેના બદલતા મનનું અવલોકન કરો. તેના પ્રત્યે વાલીનો નહિ પરંતુ મિત્રનો ભાવ રાખો. તેના મોબાઈલ પર ગેમ સિવાય બીજી પ્રવૃતિઓ માં રસ લે તેવું કરો. સારા વાચનની તેને ટેવ પાડો. બાળકો તેમની સાથે બનેલી નાનામાં નાની ઘટના કે વાત તમને જણાવે તેવા સંબંધો રાખો. તેને લોકો સાથે સારું વર્તન કરતા શીખવો. મોટાભાગની ગુનાખોરી અને હત્યા પાછળના કારણો પ્રેમ, લફરાં અને આર્થિક હોય છે.

વ્યક્તિનો પોતાનો સુધાર
એ જ સમાજની મોટી સેવા છે

- ગાંધીજી

# વિદ્યાર્થીઓ માટે નિયમાવલી

૧. વિદ્યાર્થીઓએ પક્ષાપક્ષીના રાજકારણમાં કદી ન પડવું. વિદ્યાર્થીઓ વિદ્યાનાં ખોળનારા ને જ્ઞાનના શોધનારા છે, રાજકારણના ખેલાડીઓ નથી.

૨. તેમણે રાજકીય હડતાળો ન પાડવી. વિદ્યાર્થીઓ વીરોની પૂજા ભલે કરે, તેમણે કરવી જોઈએ; પણ પોતાના વીરો જેલમાં જાય, કે અવસાન પામે, બલ્કે તેમને ફાંસીએ ચડાવવામાં આવે તે પ્રસંગોએ તેમના તરફથી પોતાની ભક્તિ પ્રગટ કરવાને તે વીરોના ઉત્તમ અંશોનું તેમણે અનુકરણ કરવું જોઈએ, હડતાળો ન પાડવી જોઈએ. એવા પ્રસંગોએ વિદ્યાર્થીઓનો શોક અસહ્ય થાય અને એકેએક વિદ્યાર્થીની એવી લાગણી થાય તો પોતપોતાની સંસ્થાના વડાઓ વિદ્યાર્થીઓની વાત કાને ન ધરે તો તેમને ઘટતી રીતે, સભ્યતાથી પોતપોતાની સંસ્થાઓમાંથી બહાર નીકળી જવાની અને વ્યવસ્થાપકો પસ્તાઈને પાછા ન બોલાવે ત્યાં સુધી પાછા ન જવાની છૂટ છે. કોઈ પણ સંજોગોમાં અથવા કોઈ પણ હિસાબે જુદો મત ધરાવનારા વિદ્યાર્થીઓ કે શાળા-કૉલેજોના અધિકારીઓ પર તેમણે જબરજસ્તી ન કરવી. તેમને એટલો ભરોસો હોવો જોઈએ કે, આપણે જો આપણા મોભાને ઘટતું વર્તન રાખીશું ને સંપીને એક રહીશું તો આપણી જીત જ છે.

૩. તેમણે બધાને સેવાને અર્થે શાસ્ત્રીય રીતે કાંતવું જોઈએ. કાંતવાનાં પોતાનાં સાધનો ને બીજાં ઓજારો તેઓ હંમેશ સ્વચ્છ, સુઘડ ને સારી સ્થિતિમાં તેમ જ વ્યવસ્થિત રાખે. બની શકે તો પોતાનાં હથિયારો, ઓજારો અથવા સાધનો જાતે જ બનાવવાનું શીખી લે. અલબત,તેમનું કાંતેલું સૂતર સૌથી ચડિયાતું હશે. કાંતણને લગતા બધા સાહિત્યનો અને તેમાં સમાયેલા આર્થિક, સામાજિક, નૈતિક અને રાજકીય એ બધાં રહસ્યોનો તે સૌ અભ્યાસ કરે.



૪. તેઓ પહેરવા ઓઢવામાં બધે કેવળ ખાદી વાપરે, અને ગામડાંમાં બનેલી ચીજોને બદલે તેવી પરદેશી કે સંચાની બનેલી કદી ન વાપરે.

૫. બીજા લોકો પર ‘વંદેમાતરમ’ ગાવાની કે રાષ્ટ્રધ્વજ રાખવાની જબરજસ્તી તેઓ ન કરે. રાષ્ટ્રધ્વજવાળાં ફૂલ તે લોકો પોતાના અંગ પર પહેરે પણ બીજા લોકોને તેમ કરવાની ફરજ ન પાડે.

૬. ત્રિરંગી ધ્વજનો સંદેશો પોતાના જીવનમાં ઉતારી દિલમાં કોમવાદ કે અસ્પૃશ્યતાને પેસવા ન દે. બીજા ધર્મોના વિદ્યાર્થીઓ અને હરિજનો પોતાનાં ભાંડુઓ હોય તેમ તેમની સાથે તેઓ સાચી દોસ્તી બાંધે.

૭. ઈજા પામેલા પોતાના પડોશીઓની મદદે વિદ્યાર્થીઓ તરત દોડી જાય, આજુબાજુનાં ગામોમાં સફાઈનું તેમ જ ભંગીકામ કરે અને તે ગામોનાં મોટી ઉંમરનાં સ્ત્રીપુરુષો તેમ જ બાળકોને ભણાવે.



૮. હિંદુસ્તાનીનું આજે જે બેવડું સ્વરૂપ મુકરર થયું છે તે મુજબ તેની બંને શૈલીઓ ને તેની બંને લિપિઓ સાથે તેઓ રાષ્ટ્રભાષા હિંદુસ્તાની શીખી લે જેથી હિંદી કે ઉર્દુ બોલાય અથવા નાગરી કે ઉર્દુ લિપિ લખાય ત્યારે તેમને અજાણ્યું ન લાગે.

૯. વિદ્યાર્થીઓ જે જે નવું શીખે તે બધું પોતાની માતૃભાષામાં ઉતારે અને દર અઠવાડિયે આસપાસનાં ગામડાંમાં પોતાનો વારો ફરવા નીકળે ત્યારે ત્યાં બધે લેતા જાય ને પહોંચાડે.રુ

૧૦. તેઓ કશું છૂપી રીતે ન કરે, જે કરે તે છડેચોક કરે.પોતાના એકેએક વહેવારમાં તેમનું વર્તન અણિશુદ્ધ હોય. પોતાનું જીવન સંયમી ને નિર્મળ રાખે. કોઈ વાતથી ન ડરતાં નિર્ભય રહી પોતાના દૂબળા વિદ્યાર્થીબંધુઓના બચાવમાં તત્પર રહે, અને રમખાણો થાય ત્યારે પોતાના જાનને ભોગે અહિંસક વર્તનથી તેમને શમાવવાને તૈયાર રહે. અને સ્વરાજની આખરી લડત જાગે ત્યારે પોતાની સંસ્થાઓ છોડી તેમાં ઝંપલાવે ને જરૂર પડે તો દેશની આઝદીને અર્થે પોતાના જાન કુરબાન કરે.

૧૧. પોતાની વિદ્યાર્થી બહેનો સાથે તદ્દન સ્વચ્છ ને સભ્યતાનું વર્તન રાખે.

અહીં સુધી વિદ્યાર્થીઓને માટે જે કાર્યક્રમ મેં બતાવ્યો છે તેના અમલને માટે તેમણે વખત કાઢવો જોઈશે. તેઓ આળસમાં ઘણો વખત બગાડે છે તે હું જાણું છું. કડક કરકસર કરીને તેઓ ઘણા કલાકો મેં બતાવેલા કામને માટે ફાજલ પાડી શકે. પરંતુ કોઈ પણ વિદ્યાર્થી પર અણઘટતો ભાર નાખવાનો મારો ઈરાદો નથી. તેથી દેશ માટે પ્રીતિ રાખનારા વિદ્યાર્થીઓને મારી એવી સલાહ છે કે પોતાના અભ્યાસના સમયમાંથી એક વર્ષ તેમણે આને માટે ફાજલ પાડવું; અને હું એમ નથી સૂચવતો કે એકીવખતે અને આખું વર્ષ તેઓ આપે; મારી સલાહ એ છે કે અભ્યાસના આખા ગાળા પર તેઓ એ વરસ વહેંચી નાખે ને કટકે કટકે પૂરું કરે. તેમને જાણીને અચરજ થશે કે આ રીતે કાઢેલું તેમનું વર્ષ ફોકટ નથી જતું. એ વખત દરમ્યાન કરેલી મહેનતથી દેશની આઝાદીની લડતમાં સંગીન ફાળો ભરવા ઉપરાંત તેમણે પોતાની માનસિક,નૈતિક તેમજ શારીરિક શક્તિઓમાં કેટલોયે ઉમેરો કર્યો હશે.

પશ્ચિમના બેહૂદા અનુકરણથી કે અંગ્રેજી શુદ્ધ અને છટાદાર બોલવા લખવાની આવડતથી સ્વાતંત્ર્યમંદિરની ઈમારતમાં એક પણ ઈંટ ઉમેરવાની નથી. આજે વિદ્યાર્થીવર્ગ જે કેળવણી મેળવે છે તે ભૂખે પીડાતા હિંદુસ્તાનને સારુ બેહદ ખર્ચાળ છે. એ કેળવણી કદી પણ મેળવવાની આશા રાખનાર વર્ગની સંખ્યા 'દરિયે મેં

ખસખસ' જેટલી છે. એવી કેળવણી લેનાર વિદ્યાર્થીઓએ લાયક સિધ્ધ થવું હોય તો તેમણે રાષ્ટ્રને ચરણે પોતાનાં લોહી અને પરસેવો-પોતાનો જીવનરસ અર્પણ કરવો જોઇએ. વિદ્યાર્થીઓએ સંરક્ષક સુધારાના આગેવાન થવું જોઇએ. રાષ્ટ્રમાં જેટલું સારું છે તેનું સંરક્ષણ કરી સમાજમાં જે અસંખ્ય અનિષ્ટો પેસી ગયાં છે તેને નાબૂદ કરવાં જોઇએ.....

વિદ્યાર્થીઓએ પોતાની છાપ મૂંગાં કરોડો પર પાડવી રહી છે. તેમણે પ્રાંતની, ગામની, વર્ગની કે ન્યાતની દ્રષ્ટિએ નહીં પણ કરોડોની દ્રષ્ટીએ વિચાર કરતાં શીખવું રહ્યું છે. એ કરોડોમાં અસ્પૃશ્યો, દારુબાજો, ગુંડાઓ અને વેશ્યાઓ સુધ્ધાનો સમાવેશ થાય છે. સમાજમાં એ વર્ગોની હસ્તી માટે આપણાંમાંનો એકેએક જણ જવાબદાર છે. પ્રાચીન કાળમાં વિદ્યાર્થીઓ 'બ્રહ્મચારી' કહેવાતા. બ્રહ્મચારી એટલે ઇશ્વરને માર્ગે અને ઇશ્વરથી ડરીને ચાલનાર. એ બ્રહ્મચારીઓને રાજાઓ અને મુરબ્બીઓ માન આપતા. સમાજ સ્વેચ્છાએ એમનું પોષણ કરતો, અને બદલામાં તેઓ સમાજને સોગણા બળવાન આત્મા,બળવાન માનસ, અને બળવાન બાહુ અર્પણ કરતા. આજની દુનિયામાં પતિત પ્રજાના વિદ્યાર્થીઓ પર તે તે પ્રજાની શુભ આશા રહેલી છે. એ વિદ્યાર્થીઓ દરેક વિષયમાં આપભોગવાળા આગેવાન સુધારકો બન્યા છે. એ ત્યાં હિંદુસ્તાનમાં એવાં દ્રષ્ટાંતો નથી એમ નહીં, પણ એ તદ્દન ગણ્યાંગાંઠ્યાં છે. મારું કહેવું તો એ છે કે વિદ્યાર્થીપરિષદોએ બ્રહ્મચારીની સ્થિતિને છાજે એવું આ પ્રકારનું વ્યવસ્થિત કામ ઉપાડી લેવું જોઇએ.

વિદ્યાર્થિઓએ પોતાની રજાઓનો બધો સમય ગ્રામસેવામાં ગાળવો જોઇએ. આવી જાતના કામ માટે ચાલી આવતી પ્રણાલિકાનું અનુકરણ ન કરતાં, વિદ્યાર્થીઓએ પોતાની સંસ્થાઓની નજીક આવેલાં ગામડાંઓમાં જઈ, ત્યાંના લોકજીવનનો અભ્યાસ કરી, ત્યાંના લોકો સાથે મૈત્રી બાંધવી જોઇએ. આવી રીતે તેઓ ગામલોકોનો સંપર્ક સાધી શકશે. અને જ્યારે તેઓ તેમની વચ્ચે રહેવા જશે ત્યારે, આ પ્રસંગોપાત્ત થયેલાં સંપર્કને કારણે, તેમને અજાણ્યા માની તેમના તરફ શંકાની દ્રષ્ટિએ ન જોતાં, તેઓ તેમને મિત્રો તરીકે આવકારશે. લાંબી રજાઓ દરમ્યાન વિદ્યાર્થીઓ ગામડાંમાં રહીને પ્રૌઢ – શાળાઓ ચલાવશે અને ગ્રામવાસીઓને સ્વચ્છતાના





નિયમો શીખવશે, તેમ જ સામાન્ય રોગથી પીડાતા રોગીઓની સારવાર કરશે. તેઓ ગામડાંમાં રેંટિયો દાખલ કરશે અને ગ્રામજનોને તેમની પ્રત્યેક વધારાની પળનો સદુપયોગ કરતાં શીખવશે. આ બધું કરવા માટે વિદ્યાર્થીઓ તેમ જ શિક્ષકોએ રજાઓનો ઉપયોગ સંબંધી પોતાના વિચારો બદલવા પડશે. ઘણીવાર કેટલાક અવિચારી શિક્ષકો ગૃહકાર્ય આપે છે. મારા મંતવ્ય મુજબ આ ટેવ કાંઇ નહીં તો ખરાબ તો કહેવાય જ. રજાના સમયમાં તો વિદ્યાર્થીઓનાં મન પર દૈનિક કામનો બોજો ન નાંખતાં તેમને સ્વાશ્રય અને સ્વાભાવિક વિકાસના ગુણો કેળવવા માટે મુક્ત રાખવા જોઇએ. મેં જે ગ્રામસેવાનો ઉલ્લેખ કર્યો છે તે હળવી કેળવણી અને મનોરંજન માટે એક ઉત્તમ પ્રકારનું સાધન ગણાય; તથા અભ્યાસ પૂરો કર્યા પછી સંપૂર્ણપણે ગ્રામસેવાનાં કાર્યમાં જોડાઈ જવા માટે તો દેખીતી રીતે જ એક ઉત્તમ તૈયારીરૂપ છે.

તમારી બુદ્ધિને પૈસામાં વટાવવાને બદલે તેને દેશસેવામાં વાપરો. તમે ડૉક્ટર હો તો તમારી બધી ડૉક્ટરી આવડત ખપી જાય એટલા રોગો હિંદુસ્તાનમાં ભરેલા છે. તમે વકીલ હો તો હિંદુસ્તાનમાં રગડાઝગડા ઓછા નથી. એમાં ઘી હોમવાને બદલે તમે એ ઝઘડા સાંધો અને લોકોને અદાલતોમાં જતા રોકો.તમે ઇજનેર હો તો આપણા લોકોની સંપત્તિ અને હાજતોને બંધબેસતાં અને છતાં આરોગ્યદાયી અને સ્વચ્છ હવાવાળાં નમૂનેદાર ઘરો બાંધો. તમે શીખ્યા હો એવી કોઇ વસ્તુ નથી જેનો ઉપયોગ દેશસેવામાં ન થઇ શકે.

**વિદ્યાર્થીઓ અને રાજકારણ**

વિદ્યાર્થીઓને અભિપ્રાય ધરાવવાની ને તે પ્રગટ કરવાની પૂરેપૂરી છૂટ હોવી જોઇએ. તેઓ ગમે તે રાજકીય પક્ષ પ્રત્યે છડેચોક સમભાવ ભલે બતાવે. પણ મારા મત પ્રમાણે, તેઓ અભ્યાસ કરતા હોય તે દરમ્યાન એમને વર્તનની છૂટ ન હોવી જોઇએ. વિદ્યાર્થી રાજકારણમાં સક્રીય ભાગ લે ને સાથે સાથે પોતાનો અભ્યાસ પણ ચલાવે એ ન બની શકે એવી વાત છે.

વિદ્યાર્થીઓને પક્ષાપક્ષીના રાજકારણમાં પડવું ન પાલવે. જેમ તેઓ બધી જાતનાં પુસ્તકો વાંચે છે, તેમ ભલે બધા પક્ષોને પણ સાંભળે, પરંતુ તેમનું કામ તો તેમાંથી સત્યને પચાવવાનું અને બાકીનું બધું ફેંકી દેવાનું છે.

સત્તાનું રાજકારણ વિદ્યાર્થી આલમમાં ન પેસવું જોઇએ. તેઓ એ પ્રકારના કામમાં માથું મારે તે ક્ષણથી જ તેઓ વિદ્યાર્થી મટી જાય છે અને તેને લઈને તેઓ દેશને તેના કટોકટીના કાળમાં મદદ નહીં કરી શકે.


**સરદારધામ મેગેઝિનના વાચકો જોગ**

સરદારધામ ઈ મેગેઝિનના વાચકોએ
મેગેઝિન અંગેના પોતાના પ્રતિભાવો
magazine.sardardham@gmail.com
ઉપર મોકલવા વિનંતી.



**પદ્મશ્રી ગુણવંત શાહ**
ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત કટાર લેખક

# નવા ઘરે જતી વેળાએ

ઘરના ખૂણા-ખાંચરા સાથે માણસની માયા બંધાઈ જતી હોય છે. આવી માયા સાફસુથરા ડ્રોઈંગરૂમમાં શોભતા રાચરચીલા પૂરતી મર્યાદિત નથી હોતી. ઊભી તિરાડ પડ્યા પછી ઝંખવાણી પડી ગયેલી જૂની આરસી સાથે; ગોબાઈ ગોબાઈને હલકપડી ગયેલા કાણા કળશિયા સાથે; કટાઈને કાળી-કથ્થઈ થઈ ગયેલી બાથરૂમની ગળતી નળી સાથે, પિતૃલોકમાં વસનારા વડીલોએ જેમાં જીવનભર ભોજન કર્યું હોય એવા કાંસાના થાળીવાટકા સાથે અને જેનો એક પગ ઢીલો પડી ગયો હોય એવા ડગુમગુ ડામચિયા સાથેય માયા બંધાઈ જાય છે. વર્ષો પહેલાં ઝવેરચંદ મેઘાણીએ 'વેવિશાળ' નવલકથામાં ભાભુના મોમાં લગ્નશાસ્ત્ર અંગે નીચેના શબ્દો મૂકેલા: "જાણે જુઓ, માડી વેવિશાળ કહો કે વિવા કહો, એ કાંઈ એક પુરુષ ને એક કન્યા વચ્ચે તો થોડાં જ હોય ? કન્યા વરે છે ને પરણે છે સાસરિયાના આખા ઘરને, કુળને, કુળદેવને; અરે માડી, ઘરે બાંધેલા ગાયના ખીલાયનેય.તેમ પુરુષ પણ પરણે છે કન્યાને, કન્યાનાં માવતરના આંગણાની લીલી લીંબડી-પીપળીનેય." ઘર સાથેના સંબધનું પણ આવું જ

મનોવિજ્ઞાનના ક્ષેત્રે છેલ્લાં કેટલાંક વર્ષોમાં માનવજીવનમાં વર્તાતી તાણ અંગે ઢગલાબંધ સંશોધનો થયાં છે. જીવનની આવી તાણ માપી શકાય છે. કઈ કઈ બાબતોને કારણે માણસના મન પર ભાર રહે છે. તેની વિગતો સરખામણી માટે આંકડાઓ દ્વારા રજૂ થઇ છે. આવો ભાર (સ્ટ્રેસ) ઘણી ઘટનાઓ અંગે હોઈ શકે. યાદી લાંબી છે જેમાં છૂટાછેડા અંગેનો ભાર,બદલી થઇ હોય તો તેનો ભાર, માંદગીનો ભાર, ઑફિસમાં થયેલા ઝઘડાનો ભાર, પૈસા ગુમાવ્યાનો ભાર, અણધારી સરળતાનો ભાર, ગેરસમજ થશે એવી શક્યતાનો ભાર, નોકરી ગુમાવ્યાનો ભાર, અને સ્વજન વંકાય તેનો ભાર- એમ વિવિધ બાબતોનો સમાવેશ થાય. આ યાદીમાં એક બાબત રહી ગઈ તે, ઘર બદલવાની પળોજણ અંગેનો ભાર. સમય સાથે વળગેલી ઘરગથ્થુ માયાના બધા અંકોડા તૂટી રહ્યા હોય એની પીડા માનીએ તેટલી હળવી નથી હોતી.

ઘરની સામે જ થોડે દૂર એક વડલો આવેલો છે. વચ્ચે



એક ઈમારત બંધાઈ ગઈ પછી હવે, ગળા સુધી ચણાઈ ગયેલી અનારકલીના ચહેરા જેવી વડની ટોચ જ જોઈ શકાય છે. લગભગ પરશુરામની અદાથી આપણે વૃક્ષોની કત્લેઆમ ચલાવી રહ્યાં છીએ. પાડોશમાં આવેલા મકાનના કમ્પાઉન્ડમાં ડોલતાં રહેતાં ચીકુડી,આંબા અને લીમડાનાં વૃક્ષોનો નિકાલ કરી દેવામાં આવ્યો. હવે એ વૃક્ષોની જગ્યાએ કૂંડા ગોઠવાયા છે અને હા, અગાશીમાં સિમેન્ટના કૂંડામાં એક મજાનું ગુલાબ ખીલ્યું છે એક નોંધારા ગુલાબ પર આખા આકાશનો ભાર  બધાં વૃક્ષો સાથે એવી માયા બંધાઈ ગઈ હતી કે કોઈ એ વૃક્ષોની ડાળી પર કુહાડીનો પ્રહાર કરે ત્યારે એમ કરનાર સાથે મનોમન જાણે અંગત દુશ્મનાવટ કેળવાઈ જાય છે. લંડનમાં મકાનમાલિક પોતાના કમ્પાઉન્ડમાં ઊભેલા વૃક્ષને મ્યુનિસિપાલિટીની પરવાનગી વગર કાપી નહીં શકે. ત્યાં કોઈ પીપળાની પૂજા નથી કરતું કે તુલસીક્યારે દીવો નથી મૂકતું પણ વૃક્ષલોકની આમન્યા જળવાય છે. આપણે તો વૃક્ષની, ગાયની અને સાપની પૂજા કરનારા અને પૂજા કર્યા પછી એમની સાથે ભૂંડો વ્યવહાર કરનારા.

ઓટલા પર એક વામન વડને કૂંડામાં ઉછેર્યો છે. રોજ એનાં પાંદડાની ગણતરી કરવામાં આવે છે. નવી ફૂટેલી કૂંપળને આટલી નજીકથી જોવાનો લહાવો અનેરો છે. એ કૂંપળ વધતી રહે, વધતી રહે અને પાંદડું બની જાય. ઘરના સામાનની ફેરબદલી થાય ત્યારે કૂંડામાં ઊગેલી એ લીલી કુમાશને જાળવી લેવાનો સંકલ્પ થઇ જાય છે. નવા ઘરમાં નવું જીવન શરૂ થશે ખરું ? ચર્ચિલે કહેલું કે આપણે પ્રથમ ઈમારતો રચીએ છીએ અને પછી ઈમારતો આપણને રચે છે. મન નિર્વેદથી ભરાઈ જાય છે. નવા ઘરમાં રાચરચીલું જાય તે પહેલાં સૌપ્રથમ વૃક્ષદેવતાની સ્થાપના કરવી છે. પછી જશે પુસ્તકો, પછી ફર્નિચર,પછી ડબ્બાઓ. સ્વજન બની ગયેલા વામનવડની આમન્યા જાળવવાની રહેશે.

વિમાનની નાનકડી બારીમાંથી દેખાતું આકાશ નાનું નથી હોતું. ટ્રેનની બારીમાંથીય આકાશ તો દેખાય ને પણ એ આકાશમાં ધરતીની લીલાશનો ભેગ હોય છે. પરિચિત ફળિયા પરનું આકાશ પણ માયા લગાડી જાય છે. ત્યાંય નવા વૃક્ષમિત્રો મળી જ રહેશે અને ક્યારેક વળી તેમને છોડીને પાછું બીજે કશેક જવાનું થશે. કંઈ જ ખબર નથી પડતી.

એટલી ખબર છે કે એક દિવસ માત્ર ગૃહ (ઘર) જ નહીં, ગ્રહ (પૃથ્વી) છોડીને ક્યાંક જવાનું છે. દેહ પણ આખરે એક ઘર જ છે ને એ બદલવાનું થાય ત્યારે કેટલા અંકોડા તૂટશે ? પરિચિત દીવાલનો ઊખડી જવા આવેલો પોપડો પણ સમય જતાં પોતીકો લાગે છે. દેહની માયા પણ પેલા કાણા કળશિયાની માયા જેવી પગે થયેલું જૂનું અને ખરબચડું ખરજવુંય આત્મીય લાગે. નવું ઘર નવા જીવનની ખાતરી નથી આપતું.





-સ્વામી વિવેકાનંદ

# સામાજિક સુધારણા

હજારોએ વ્યાસપીઠ ઉપરથી વ્યાખ્યાનો આપ્યાં છે. ભગવદ્ ભક્ત હિંદુ પ્રજા અને એની સંસ્કૃતિ પર દોષારોપણ કરનારા ગ્રંથોના ગ્રંથો લખાયા છેને છતાં કશું વ્યવહારુ પરિણામ સિદ્ધ થઇ શક્યું નથી. અને એનું કારણ શું છે ? એનું કારણ શોધવું બહુ અઘરું નથી. એનું કારણ આરોપ મૂકવાની વૃત્તિ, નિંદાખોરી એ બહુ જ છે. આરોપ મૂકવાથી કે નિંદા કરવાથી કદી કશું સારું કરી શકાતું નથી.

અત્યંત વહેમગ્રસ્ત અને બુદ્ધિહીન એવી સંસ્થાઓ માટે પણ તિરસ્કારનો એક પણ શબ્દ ઉચ્ચારશો નહિ, કારણ કે ભૂતકાળમાં એના વડે પણ કંઈક સારું સધાયું હશે. એટલું તો કદી ભૂલશો નહિ કે ભારત સિવાય જગતના બીજા કોઈ પણ દેશની સંસ્થાઓ, એના હેતુઓ અને ઉદ્દેશોની દ્રષ્ટિએ ચઢી જાય તેવી નથી. આજે જે રિવાજો નિર્વિવાદ અને અનિષ્ટરૂપ બની ગયેલા લાગે છે તે પણ ભૂતકાળમાં જરૂર પ્રાણપ્રદ હતા, અને જો આપણે એને દૂર કરવા હોય તો એમને શાપ દઈને નહિ, પણ એમણે કરેલાં આપણી જાતિનાં સંરક્ષણનાં યશસ્વી કાર્ય માટેની આભાર તથા આદરની લાગણીથી નવાજીને દૂર કરવા જોઈએ.

હું સુધારામાં માનતો નથી. હું તો વિકાસમાં માનું છું. ઈશ્વરની કક્ષાએ મારી જાતને બેસાડીને સમાજને 'તારે આ માર્ગે ચાલવું, પેલે માર્ગે નહિ' એવો આદેશ દેવાણી ધૃષ્ટતા હું કરતો નથી. મારો આદર્શ તો વૃદ્ધિ, વિસ્તાર અને રાષ્ટ્રીય દૃષ્ટિએ થનારા સર્વાંગી વિકાસનો છે, પ્રત્યેક વ્યક્તિએ આપમેળે પોતાની મુક્તિને માટે ઝઝૂમવાનું છે; એ સિવાય બીજો કોઈ રસ્તો નથી. પ્રજાઓ માટે પણ એવું જ છે. ત્યાં સુધી

ઉચ્ચ કક્ષાની સંસ્થાઓને તોડી પાડવાના પ્રયત્નો કરવા એ વિનાશને નોતરવા જેવું જ ગણાશે. વિકાસ હંમેશાં ધીમે ધીમે જ થતો આવે છે. માણસ જ્યાં ઊભો હોય ત્યાંથી જ

તેની આંગળી ઝાલો અને એને ઉંચે ચઢવા માટે ટેકો આપો.

ભારતના બધા જ સુધારકોએ કર્મકાંડી બ્રાહ્મણોના ત્રાસ અને અધોગતિથી ઉદ્‌ભવનારા અનિષ્ટને માટે ધર્મને જવાબદાર ગણવાની ગંભીર ભૂલ કરી છે, અને તેથી આગળ વધીને ધર્મની અતૂટ ઈમારતને તોડી પાડવાના પ્રયત્નો પણ કર્યા છે. પણ આખરે પરિણામ શું આવ્યું ? નિષ્ફળતા !

તમારે પ્રત્યેક વસ્તુના હાર્દ સુધી ઊંડે ઉતરવું જોઈએ. એને જ હું જડમૂળનો સુધારો કહું છું. ત્યાં અગ્નિ પ્રકટાવો ને એની ઊર્ધ્વગામી શિખાઓમાંથી ભારતના રાષ્ટ્રનું નિર્માણ થવા દો. હું તો રોગને કેવળ દબાવી દેવાની નહિ પણ એને જડમૂળથી ઊખેડી નાખવાની રીતમાં જ માનું છું.

બધાં જ નિરામય સામાજિક પરિવર્તનો અંદર રહેલાં આધ્યાત્મિક બળોના આવિષ્કારરૂપ જ હોય છે; જો એ બળો સમર્થ અને સુગઠિત હોય તો સમાજ પણ એને અનુરૂપ એવી રીતે આપોઆપ વ્યવસ્થિત થઇ જશે. કહેવાતા સામાજિક સુધારાની બહુ પંચાતમાં પડશો નહિ. કારણ કે આધ્યાત્મિક સુધારણા વિના કોઈ પણ પ્રકારની સામાજિક સુધારણા સંભવી જ શકે નહિ.

આપણને સામાજિક સુધારણાની જરૂર તો છે જ. કેટલીક વખત મહાન વિભૂતિઓ વિકાસની નવીન ભાવનાઓ પ્રકટ કરે છે અને રાજાઓ તેને પોતાના શાસનથી સમર્થન આપે છે. ભારતમાં સામાજિક સુધારણાઓ ભૂતકાળમાં તો આવી રીતે થતી, અને આજે પણ જો આવા પ્રગતિકારક સુધારાઓ કરવા હોય તો પહેલાં આવી નિયંત્રણક્ષમ સત્તા ખડી કરવી જોઈએ. રાજાઓ તો ગયા,ને હવે તો લોકશાસનનો સમય આવ્યો છે. આથી લોકો ઘટતી કેળવણી પામે, પોતાની જરૂરિયાતો સમજતા થાય અને પોતાના કોયડાઓનો ઉકેલ લાવવાને તત્પર બને ત્યાં સુધી આપણે રાહ જોવી પડશે. લઘુમતિ પર થતો જુલમ એ જગતમાં સહુથી અધમ પ્રકારનો જુલમ છે. આથી જે કદી પણ વ્યવહારુ સ્વરૂપ પામી શકવાના નથી તેવા કહેવાતા આદર્શ સુધારા પાછળ શક્તિ વેડફી નાખવાને બદલે અનિષ્ટનાં મૂળમાં જઈને એક કાયદા ઘડનારી સભા સ્થાપવી, એટલે કે આપણી આમજનતા પોતાના કોયડાઓ આપમેળે સમજીને ઉકેલી શકે એટલી કેળવણી આપવી એ વધારે સારું થઇ પડશે. આટલું નહિ





થઇ શકે ત્યાં સુધી એ આદર્શ સુધારાઓ કેવળ આદર્શરૂપ જ રહી જવાના છે. લોકો પોતાનો ઉદ્ધાર પોતાના હાથે કરી શકે એવું જ નવી વ્યવસ્થામાં બનવું જોઈએ. એને વ્યવહારુ બનાવતાં સમય તો લાગશે, ને તે પણ ખાસ કરીને ભારતમાં, કારણ કે આપણે તો આજ સુધી રાજકર્તાઓના શાસન નીચે રહેવાને જ ટેવાયેલા છીએ.



તમારે જો સાચા સુધારક થવું હોય તો તમારામાં ત્રણ વસ્તુઓ હોવી જરૂરી છે. પહેલી વસ્તુ તે સમભાવ તમારા ભાઈઓ માટે તમારા હૃદયમાં સાચી લાગણી છે ખરી ? જગતમાં આટલું બધું દુઃખ, અજ્ઞાન અને વહેમ છે એમ તમને ખરેખર લાગે છે ? એ લાગણી તમારા અણુએ અણુમાં વ્યાપી ગઈ છે ખરી ? એ તમારા લોહી સાથે વહેતી થઇ ગઈ છે ખરી ? એ તમારી શિરાઓમાં ઝણઝણી ઊઠી છે ખરી ? એ તમારા શરીરની પ્રત્યેક શિરાઉપશિરાઓમાં વહી રહી હોય એવું તમે અનુભવો છો ? સહાનુભૂતિની એ લાગણીથી તમારું હૃદય છલકાઈ ઊઠે છે ખરું ? જો એમ હોય તો એ તો હજુ પહેલું જ પગથિયું છે. એનો તમે કંઈ ઉપાય શોધી કાઢ્યો છે કે નહિ એનો તમારે પછી વિચાર કરવાનો રહે છે. પુરાણા વિચારો બધા જ વહેમ કે કુરૂઢિ જેવા હોય - પણ એ વહેમના પુંજની આજુબાજુ સત્યની સુવર્ણરજો રહેલી છે. અશુદ્ધિને બિલકુલ ગાળી નાખીને સુવર્ણને પામી લેવાનું રસાયણ તમે શોધી કાઢ્યું છે ખરું ? એક બીજી વસ્તુની પણ જરૂર છે; તમારો હેતુ શો છે ? તમે ધન, યશ કે સત્તાના લોભથી પ્રેરાઈને કશું કરતા નથી એની તો પૂરેપૂરી ખાતરી છે ખરીને ?



સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

વિશ્વ પાટીદાર સમાજ

## મિશન-૨૦૨૬ અંતર્ગત

## સમસ્ત પાટીદાર સમાજના ભાઈ-બહેનો માટે મહેસૂલી, કાનૂની, સમાજસુરક્ષાને સંલગ્ન પ્રશ્નોના ઉકેલ માટે સરદારધામની આગવી પહેલ (initiative)

